| | |
|---|---|
| દાખલ તારીખ : | ૩૦/૦૬/૨૦૧૭ |
| રજીસ્ટર્ડ કર્યા તારીખ : | ૩૦/૦૬/૨૦૧૭ |
| ફેંસલ તારીખ : | ૦૬ /૦૯ /૨૦૧૮ |
| સમયગાળો : | વર્ષ / માસ / દિવસ |
| | |

---

**બનાસકાંઠાના બીજા એડીશનલ સેશન્સ જજ શ્રી.ડી.બી.બારોટ સાહેબની કોર્ટમાં**
**મું.ડીસા**

---

**સેશન્સ કેસ નં. ૫૮/૨૦૧૭**
**જુનો સેશન્સ કેસ નં.૫૯/૧૯૯૪**

આંક :

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |

વિરુધ્ધ

| ક્રમ | આરોપીનું નામ | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|---|
| ૧ | મીરખાન હુસેન મોલે સ્લામ | ૨૦ | નોકરી | ચંડીસર, નવાપુરા તા. ડીસા, જી. બનાસકાંઠા |
| ૨ | સુભાષ મેવાશા શાહ **(આંક-૧ લગતના હુકમ આધારે ચાર્જશીટ અલગ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.)** | ૨૨ | નોકરી | બી.એસ.એફ-૪૭, બટાલીયન. |
| ૩ | કુલાભાઈ ઉર્ફે કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી | ૪૫ | નોકરી | પ્રતાપગઢ, તા. સિધ્ધપુર જી. મહેસાણા. |
| ૪ | રાજેશકુમારસીંગ પારસનાથસીંગ રાજપુત **(આંક-૧ લગતના હુકમ આધારે ચાર્જશીટ અલગ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.)** | ૧૯ | મજુરી | બાસોલી(બિહાર) |

| |
|---|
| ફરીયાદપક્ષે વિ.ડી.જી.પી. શ્રી.સી.જી.રાજપુત |
| આરોપી નં.૧ તરફે વિ.વ. શ્રી.બી.કે.આચાર્ય<br>આરોપી નં.૩ તરફે વિ.વ.શ્રી. એમ.એલ.ચૌધરી |

---

ગુનો : ઈ.પી.કો.કલમ-૩૦૨,૩૦૭,૩૨૫,૧૧૪ તથા બી.પી.એ.ક.૧૩૫ તેમજ આર્મ્સ એકટની કલમ-૨૫(૧)(એ) મુજબનો

---

**ઠ રા વ**

(૧) આ કામે ફરીયાદીએ જે ફરીયાદ આપેલ તેની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના

ફરીયાદી તેમના ગામના નાંદોત્રાથી તા. ૧૧/૧/૯૩ ના રોજ સવારના દસેક વાગે નીકળી દાંતીવાડા યુનીર્વસીટીમાં આવેલ અંબીકા કિરાણા સ્ટોર્સ પાસે ખરીદી માટે આવેલ અને ખરીદી કરવાની તજવીજમાં હતા તે દરમ્યાન અંબીકા કીરાણા સ્ટોર્સની નજીક આવેલ શોપીંગ સેન્ટર પાસેથી તેમના ગામના જવાના રસ્તા ઉપર તેમના ગામના ઠાકોર પરબતસીંહ ભવાનજી તથા ભુરસીંગ જોરસીંગ ઠાકોર કે જેઓ તેમના કુટુંબી કાકાના દિકરા થાય છે તેઓ મળેલા.આ દરમ્યાન ત્યાં આગળ દાંતીવાડા યુનીર્વસીટી કેમ્પસના સીકયુરીટી ઓફીસર તરીકે ચૌધરી કરીને હતા અને તેઓ એસ.કે. કેન્ટીન તરફથી શોપીંગ સેન્ટર પાસે ગયેલા અને તેમણે પરબતસીંહને જણાવેલ કે તમો કેમ અહી મારા કેમ્પસમાં આવ્યા છો,જેથી પરબતસીંહે જણાવેલ કે તમે મારા દિકરાને અગાઉ કેમ માર મારેલો તેમ કહી બંને એકબીજાને ગાળો દેવા લાગેલા.આ દરમ્યાન સીકયુરીટી વાળા ચૌધરીએ તેની પાસેની લોખંડની પાઇપ પરબતસીંગના માથામાં મારી દીધેલ જેથી પરબતસીંહ નીચે પડી ગયેલા.આ દરમ્યાન ચૌધરીએ ફરીથી પગો ઉપર તથા ખભા ઉપર પાઈપ મારેલ.

વધુમાં ફરીયાદીના જણાવ્યા મુજબ આ સમયે હું છોડાવવા વચ્ચે પડેલ તો શ્રી ચૌધરી માનેલ નહી અને મને પણ મારવાનો પ્રયત્ન કરતાં હું એકબાજુ થઈ ગયેલ.

ફરીયાદીની ફરીયાદ મુજબ આ સમયે પરબતસીંહ સાથે આવેલા ભુરસીંગ જોરસીંગ ઠાકોરે વચ્ચે પડી પરબતસીંહને બચાવવા પ્રયત્ન કરેલ પરંતુ તેમની સાથે પણ ચૌધરીએ મોટેથી બોલચાલ કરી ગાળો દેવા લાગેલ અને ચૌધરીએ કેન્ટીન પાસેથી તેમના સીકયુરીટી વાળા ભાઈઓ બીજા ત્રણ જણા હતા તેમને બોલાવેલા જેથી તેઓ ત્યાં આવી ગયેલા.આ પૈકી એકની પાસે બાર બોરની બે નાળી બંદુક હતી અને બીજા બે પાસે લાકડી હતી.આ પૈકી બંદુકવાળા સીકયુરીટી વાળા ભાઈ પાસેથી બંદુક લઈ ભુરસીંગ ઉપર બે ફાયર કરેલ જેથી ભુરસીંગને છાતીના ભાગે તથા માથાના ભાગે અને મોઢાના ભાગે છરા વાગેલા અને ભુરસીંગ નીચે પડી ગયેલ.

વધુમાં ફરીયાદીની ફરીયાદ મુજબ આ સમયે બીજા માણસો ભેગા થઈ જતાં શ્રી.ચૌધરી તથા તેમની સાથેના ત્રણ સીકયુરીટી વાળા ભાઈઓ નાસી ગયેલા.

ફરીયાદીની ફરીયાદ મુજબ ત્યારપછી હું કેન્ટીન વાળા જાલમસીંગની જીપમાં આ બંને ઈજા પાપમનાર પરબતસીંહ તથા ભુરસીંગને પાલનપુર દવાખાને લઈ જવા તજવીજ કરતા હતા તે દરમ્યાન ભુરસીંગ જોરસીંગ ઠાકોર મરણ પામેલ જેથી તેની લાશને મે જાલમસીંગને સોંપીને પરબતસીંહને વધુ વાગેલ હોય તેને દવાખાને મારા ગામના ચેલસીંગ ગંભીરસીંહ તથા અરજણસીંહ બળવંતસીંહ આવી જતાં પરબતસીગને જીપમાં પાલનપુર દવાખાને લઈ ગયેલ.

ફરીયાદીની ફરીયાદ મુજબ આ પરબતસીગ અગાઉ દાંતીવાડા યુનીર્વસીટીમાં સીકયુરીટી ઓફીસર તરીકે શ્રી. ચૌધરીની જગ્યાએ હતા તે બાબતે પણ આ પરબતસીંહને તથા શ્રી.ચૌધરીને મનદુખ થયેલ.

આમ બનાવના દિવસે અગિયાર વાગ્યાના સુમારે દાંતીવાડા યુનીર્વસીટી કેમ્પસમાં આવેલ

શોપીંગ સેન્ટર પાસે અને એસ.કે. શોપીંગ સેન્ટર પાસે સીકયુંરીટી ઓફીસર ચૌધરી તથા તેમની સાથેના ત્રણ સીકયુરીટી વાળાએ ભેગા મળી ફરીયાદીના કુટુંબી કાકા પરબતસીંહને લોખંડની પાઇપ માથામાં તથા પગો ઉપર મારી મોત નીપજાવવાની કોશીશ કરેલ તેમજ ભુરસીંગ જોરસીંગ ઉપર બાર બોરની બંદુકથી ફાયર કરી ગોળી મારી મારી નાખેલ હોય, ફરીયાદીએ આ બાબતની ફરીયાદ ડીસા રુરલ પો.સ્ટે.કેમ્પ દાંતીવાડા,ચુની.માં નોંધાવતાં આ ફરીયાદ આધારે પાંથાવાડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧/૯૩ થી ઈ.પી.કો.કલમ–૩૦૨,૩૦૭,૩૨૫,૧૧૪ તથા બી.પી.એ.ક.૧૩૫ તેમજ આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ) મુજબનો ગુનો રજીસ્ટર કરવામાં આવેલ.

(૨) ત.ક.અમલદારે ગુનાની તપાસ દરમ્યાન આરોપીઓની અટક કરેલ,આરોપીઓની શરીર–સ્થિતિનું તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, લાશનું પી.એમ. કરાવડાવેલ અને સાહેદોના નિવેદનો લીધેલ અને ગુનાની તપાસના અંતે કુલ ચાર આરોપીઓ વિરુઘ્ધ ઈ.પી.કો.કલમ–૩૦૨,૩૦૭,૩૨૫,૧૧૪ તથા બી.પી.એ.ક.૧૩૫ તેમજ આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ) મુજબના ગુનાનુ ચાર્જશીટ ધાનેરાના જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં રજુ કરેલ જેને ફોજ.કેસ. નં. ૩૭૭/૯૩ થી રજીસ્ટરે લેવામાં આવેલ. જે ચાર્જશીટ ધાનેરાના જયુડી.મેજી.શ્રીની કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારું મોકલી આપેલ પરંતુ તેઓશ્રીને સદરહું કેસ ચલાવવાની સત્તા ન હોઈ તેઓશ્રીએ સદરહું કેસ કમીટ કરી સેશન્સ કોર્ટ, પાલનપુર ખાતે મોકલી આપેલ.

(૩) સદરહું કેસ પાલનપુરની સેશન્સ કોર્ટમાં રજુ થતાં તેને સેશન્સ કેસ નં.૫૯/૯૪ થી રજીસ્ટરે લઈ કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે. અને આરોપીઓ હાજર થતાં તેઓને ચાર્જશીટના કાગળોની નકલો પુરી પાડી આંક–૬ થી ચારે આરોપીઓ સામે તહોમતનામુ ફરમાવી તે વાંચી, સંભળાવી આરોપીઓનું આંક–૭,૮,૯ તથા ૧૦ થી સ્ટેટમેન્ટ લેવામાં આવેલ. આ જે ચાર્જ કરેલ તે તા. ૧૨/૪/૯૪ ના રોજ કરેલ પરંતુ ત્યારબાદ આ કેસના કામે આરોપી નં. ૨, સુભાષ મેવાશા શાહ અને આરોપી નં.૪ રાજેશકુમારસીંગ પારસનાથસીંગ રાજપુત આ કેસના કામે હાજર નહી રહેતાં તેમની સામેનું ચાર્જશીટ અલગ કરવાનો અને ચાર્જશીટમાં જણાવ્યા મુજબના આરોપી નં.૧ મીરખાન હુસેન મોલે સલામ તથા આરોપી નં.૩ કુલાભાઈ ઉર્ફે કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી પુરતો કેસ આગળ ચલાવવાનો આંક–૧ લગત હુકમ તા.૨૨/૮/૦૬ ના રોજ કરવામાં આવેલ.

તરબાદ સદર સેશન્સ કેસ નં. ૫૯/૯૪ પાલનપુર મુકામે મહે. એડી. સેશન્સ જજ, ચોથા ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારુ મોકલી આપતાં અને સદરહું કોર્ટમાં આરોપી નં.૧ તથા ૩ મુદતે હાજર થતાં તેઓને ચાર્જશીટના કાગળોની નકલો પુરી પાડેલ છે અને આરોપી નં.૧ તથા ૩ વિરુઘ્ધ ફરીથી આંક–૫૨ થી ઈ.પી.કો.ક.૩૦૨,૩૦૭,૩૨૫,૧૧૪ તથા બી.પી.એ.ક.૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)(એ) મુજબના ગુના બાબતે તહોમતનામુ ફરમાવી તે વાંચી,

સંભળાવી, સમજાવેલ, જેમાં આરોપીઓએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું સેશન્સ કેસ નં.૫૯/૯૪ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થતાં તેને અત્રેની કોર્ટમાં સેશન્સ કેસ નં.૫૮/૧૭ થી રજીસ્ટરે લેવામાં આવેલ અને કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૪) આ કામે ફરીયાદપક્ષે કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક/દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

મૌખિક પુરાવા

| અ.નં | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ ડો. દિપકકુમાર રામચંદ્ર પરમારની જુબાની | ૭૫ |
| ૨ | પંચ સાહેદ જયંતીલાલ જેઠાભાઈ પરમારની જુબાની | ૭૮ |
| ૩ | પંચસાહેદ હેમંતકુમાર જેઠાલાલ મોઢની જુબાની | ૮૦ |
| ૪ | પંચ સાહેદ અંબાલાલ ચેહરાભાઈ પંચાલની જુબાની | ૮૧ |
| ૫ | પંચ સાહેદ મોહનભાઈ હરીભાઈ બારોટની જુબાની | ૮૨ |
| ૬ | પંચસાહેદ હીરસીંગ રતનસીંગ વાઘેલાની જુબાની | ૮૭ |
| ૭ | સાહેદ ડો. બાબુલાલ બેચરદાસ સુતરીયાની જુબાની | ૮૮ |
| ૮ | પંચસાહેદ પરસોતભાઈ અમરાભાઈ રાઠોડની જુબાની | ૯૨ |
| ૯ | ફરીયાદી ભુરસીંગ રવજી ઠાકોરની જુબાની | ૧૧૬ |
| ૧૦ | સાહેદ પરબતસીંહ ભવાનસીંહ ઠાકોરની જુબાની | ૧૩૩ |
| ૧૧ | સાહેદ અર્જુનસીંગ બળવંતસીંગ ઠાકોરની જુબાની | ૧૪૦ |
| ૧૨ | સાહેદ પારસમલ ભેમસીંગ શાહની જુબાની | ૧૪૪ |
| ૧૩ | પંચસાહેદ મેમણ હનીફ નુરમહંમદની જુબાની | ૧૪૬ |
| ૧૪ | પંચસાહેદ નવીનચંદ્ર મણીલાલ ત્રિવદીની જુબાની | ૧૪૮ |
| ૧૫ | પંચ સાહેદ હીરાજી ઉકાજી માળીની જુબાની | ૧૫૯ |
| ૧૬ | પંચસાહેદ મુજફરહુસેન સફીઅહેમદ શેખની જુબાની | ૧૬૨ |
| ૧૭ | સાહેદ ડો. દીગંત કાલીદાસ દિક્ષિતની જુબાની | ૧૬૫ |
| ૧૮ | પી.એસ.ઓ કેશરસીંહ તખતસીંહ વાઘેલાની જુબાની | ૧૬૭ |
| ૧૯ | સાહેદ ડો. સુરેન્દ્ર મહેન્દ્રકુમાર શર્માની જુબાની | ૧૭૦ |
| ૨૦ | ત.ક.અ. ધનશ્યામસીંહ હઠીસીંહ ગોહીલની જુબાની | ૧૭૨ |
| ૨૧ | ત.ક.અ. કચરાભાઈ દલાભાઈ પરમારની જુબાની | ૧૭૫ |

દસ્તાવેજી પુરાવો

| અ.નં | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ભોગબનનારની લાશ ઉપરના કપડાનું પંચનામું | ૭૯ |
| ૨ | મરનાર જોરસીંગ ઠાકોરની પી.એમ.નોટ | ૭૬ |

| | | |
|---|---|---|
| ૩ | મુદ્દામાલ રીકવરી પંચનામું | ૮૨ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૮૪ |
| ૫ | લાશનુ ઈન્કવેસ્ટ પંચનામું | ૮૫ |
| ૬ | તબીબી અધિ.સીવીલ હોસ્પીટલ પાલનપુરનું ઈજાનું પ્રમાણ પત્ર | ૮૯ |
| ૭ | ભોગબનનારને સારવાર માટે દાખલ કરેલ તે અંગે મેડી. ઓફી. પાલનપુરની યાદી | ૯૦ |
| ૮ | ફરીયાદ | ૧૧૭ |
| ૯ | બંદુક કબજે કર્યાનું પંચનામુ. જે સુભાષ મેવાશા શાહ પાસેથી કબજે કરેલ. | ૧૪૭ |
| ૧૦ | લાકડી કબજે કર્યાનું પંચનામું. જે આરોપી રાજેશકુમારસીંગ પારસનાથસીંગ રાજપુત પાસેથી કબજે કરેલ. | ૧૪૯ |
| ૧૧ | લોખંડની પાઈપ કબજે કર્યાનું પંચનામું | ૧૬૦ |
| ૧૨ | ઈજા પામનાર પરબતસીંહનું મેડીકલ સર્ટીફીકેટ.સીવીલ હોસ્પીટલ અમદાવાદ | ૧૬૬ |
| ૧૩ | સુચીપત્ર | ૧૬૮ |
| ૧૪ | તપાસનો હુકમ તથા ગુનો દાખલ કરવા કરેલ યાદી | ૧૬૯ |
| ૧૫ | ઈજા પામનાર પરબતસીંહનું મેડીકલ સર્ટીફીકેટ.અમદાવાદ સીવીલ હોસ્પીટલ | ૧૭૧ |
| ૧૬ | આરોપી કુલાભાઈ નરસંગભાઈની શરીરસ્થિતીનું પંચનામું | ૧૭૩ |
| ૧૭ | મરનાર ભુરસીંગના મૃત દેહમાંથી કાઢેલ છરાનું પંચનામું | ૧૭૪ |
| ૧૮ | ચૌધરી કુલાભાઈનું ડીસ્ચાર્જ સર્ટીફીકેટ | ૧૭૬ |
| ૧૯ | મુદ્દામાલ એફ.એસ.એલમાં મોકલ્યાની રવાનગી નોંધ | ૧૭૭ |
| ૨૦ | એફ.એસ.એલમાં મુદ્દામાલ મળ્યાની પહોંચ | ૧૭૮ |
| ૨૦ | ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે રેવન્યુ સર્કલ ઈન્સ્પેકટર ધાનેરાને કરેલ યાદી | ૧૭૯ |
| ૨૧ | કલેકટરશ્રી બનાસકાંઠાને ગુનાવાળી જગ્યાનો નકશો તાત્કાલીક બનાવવા વિનતી કરતો પત્ર | ૧૮૦ |
| ૨૨ | તાલુકા વિકાસ અધિકારી ધાનેરા તરફથી નકશો બનાવવા બાબતે જાણ કરતો પત્ર | ૧૮૧ |
| ૨૩ | એફ.એસ.એલ અમદાવાદનો મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ ફોરવર્ડીંગ લેટર સાથેનો | ૧૮૨ |
| ૨૪ | મામલતદારશ્રી ધાનેરા તરફથી ગુનાવાળી જગ્યાનો નકશો મળેલ તે તથા પત્ર | ૧૮૩,૧૮૪ |
| ૨૫ | મુદ્દામાલ એફ.એસ.એલમાં મોકલવા માટેની રવાનગી નોંધ | ૧૮૫ |
| ૨૬ | મુદ્દામાલ એફ.એસ.એલને મળ્યાની પહોંચ | ૧૮૬ |
| ૨૭ | એફ.એસ.એલ અમદાવાદનો પરીક્ષણ અહેવાલ ફોરવર્ડીંગ લેટર સાથેનો | ૧૮૭ |

| | | |
|---|---|---|
| ૨૮ | બનાસકાંઠા જીલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામું | ૧૮૮ |

આ સિવાય ફરીયાદપક્ષે બીજા પણ અન્ય દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૫) ફરીયાદપક્ષનો ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો પુરો થતાં સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી.એ આંક-૧૮૯ ની પુરસીસ આપી ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરેલ ત્યારબાદ આરોપીઓનું ક્રિ.પ્રો.કો.ક. ૩૧૩ મુજબનું વધારાનું નિવેદન લીધેલ અને તે નિવેદનમાં આરોપીઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ. વધુમાં આરોપીઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિમીનલ અપીલ નં. ૧૦૧૦/૯૭ ના કામે જે ચુકાદો આપેલો તે પોતાના બચાવમાં આંક-૧૯૧ થી રજુ કરેલ છે.

(૬) ફરીયાદપક્ષ તરફે આંક-૧૯૭ થી લેખીત દલીલો રજુ કરેલ છે.

આરોપી નં.૧ તરફે વિ.વ.શ્રી.બી.કે. આચાર્ય તથા આરોપી નં.૩ તરફે વિ.વ.શ્રી. એમ.એલ.ચૌધરીની રજુઆતો સાંભળી.

આરોપી નં.૧ તરફે વકીલશ્રી. બી.કે. આચાર્યની રજુઆત એવી છે કે, અમો આરોપી નં.૧ સામે આરોપી નં.૩ કુલજીભાઈ ચૌધરીને ફરીયાદ મુજબના જે ગુનાઓ છે તે ગુનાઓમાં મદદગારી કર્યાના આક્ષેપ છે. તેમની રજુઆત મુજબ આ કામે કુલ ચાર સાહેદ નં.૯,૧૦,૧૧ અને ૧૨ મહત્વના સાહેદ છે. આ ચારે સાહેદોએ આરોપી નં.૧ સામે મદદગારી કર્યા સબંધેનો કોઈ પુરાવો આપેલ નથી. તેમની રજુઆત મુજબ બનાવના દિવસે મારી ડયુટી સીકયુરીટી ગાર્ડ તરીકેની હતી. આ સંજોગોમાં બનાવ વાળા સ્થળે તેમની હાજરી હોય તે સ્વાભાવિક છે. બનાવ સમયે ઘણા બધા માણસોનું ટોળું ભેગુ થયેલું. યુની. કેમ્પસમાં કૃષિ મેળો હતો.ગુજરાત રાજયના મીનીસ્ટરો પણ આવવાના હતા.આમ આ દિવસે સીકયુરીટીની વિશેષ વ્યવસ્થા કરવામાં આવેલી.જે ટોળું ભેગુ થયેલું તે મારામારી ઉપર ઉતરી આવેલું. આ સંજોગોમાં ટોળાના માણસોને અટકાવવા જરુરી હતા. આમ ઉપર મુજબની રજુઆત કરી આરોપી નં.૧ ને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

આરોપી નં.૩ તરફે વિ.વ.શ્રી.એમ.એલ.ચૌધરીની રજુઆત એવી છે કે, હાલની ફરીયાદ મુજબનો જે બનાવ બનેલ તે ફરીયાદના કામે એક વ્યકિતનું મોત નીપજેલું ( ભુરસીંહ જોરસીંહ) અને એક વ્યકિતને ( પરબતસીંહ ભવાનસીંહ )ઈજા થયેલી એવો ફરીયાદપક્ષનો કેસ છે.

તેમની રજુઆત મુજબ હાલનો બનાવ બન્યો તે સમયે બીજા ત્રણ બનાવ બનેલા. જેમાં અમોને પણ માર મારવામાં આવેલ. અને યુનીર્વસીટીના જે કેમ્પસ ડાયરેકટર હતા તે શ્રી. ઝુંડાલના ભાઈ ગીરીશભાઈનું તેમજ તેમની દિકરી નેહાનું મર્ડર કરી દેવામાં આવેલું. વધુમાં યુનીર્વસીટીમાં આવેલ ગેસ્ટ હાઉસમાં પણ તોડફોડ કરવામાં આવેલી. અને આ જે બનાવ બનેલા તેમાં આ કામે જે ઈજાપામનાર સાહેદ છે તે પરબતસીંહ ભવાનસીંહ, આ કામના ફરીયાદી છે તે ભુરસીંહ રવજી તેમજ અન્ય સાહેદ અર્જુનસીંહ બળવંતસિંહ તથા પારસમલ ભેમસીંગ તથા આ ઉપરાંત બીજા વીસથી પચ્ચીસ માણસોનું ટોળુ સંડોવાયેલ. અને આ ટોળાની સામે ઉપરોકત

બાબતોની ફરીયાદ કરવામાં આવેલી અને આ પરબતસીંહ ભવાનસીંહ વિગેરે સામેનો સેશન્સ કેસ નં.૧૫૭/૯૪ એડીશનલ સેશન્સ જજશ્રી , પાલનપુર સમક્ષ ચાલી ગયેલો. જેમાં આ લોકોને જન્મટીપની સજા કરવામાં આવેલી. આરોપીના વકીલશ્રીની રજુઆત મુજબ ઉપરોકત હુકમની સામે આ વ્યકિતઓએ નામદાર ગુજરાત હઈકોર્ટમાં અપીલ કરેલી. જે અપીલ પણ નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા રદ કરવામાં આવેલી અને ઉપરોકત વ્યકિતઓની સજા કાયમ રાખવામાં આવેલી.

આમ આરોપીના વકીલશ્રીની રજુઆત મુજબ હાલની ફરીયાદની કામે જે ચાર મહત્વના સાહેદો છે કે જેઓને ફરીયાદપક્ષે સાહેદ નં.૯ થી ૧૨ તરીકે તપાસવામાં આવેલા છે. તે તમામની સામે કેમ્પસ ડાયરેકટર શ્રી.ગલબાભાઈ ઝુંડાલે તેમના ભાઈ ગીરીશ તથા તેમની દિકરી નેહાનું મર્ડર કરવા બાબતે જે ફરીયાદ કરેલી તે ફરીયાદના કામે ઉપરની વ્યકિતઓને જન્મટીપની સજા કરવામાં આવેલી છે.અને તે સજા નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા કાયમ પણ રાખવામાં આવેલી છે.

આરોપીના વકીલશ્રીની રજુઆત મુજબ ઉપરના બનાવ સમયે જે ટોળું આવેલ કે જેમાં હાલની ફરીયાદના ફરીયાદી સહીત સાહેદ નં.૧૦ થી ૧૨ નો સમાવેશ થાય છે તે તમામ લોકો માત્રને માત્ર કેમ્પસ ડાયરેકટર શ્રી. જુંડાલ તથા સીકયુરીટી ઓફીસરને મારી નાખવાના ઈરાદે હુમલો કરવા આવેલા. આરોપીના વકીલશ્રીની રજુઆત મુજબ આ હકીકત નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિમીનલ અપીલ નં.૧૦૧૦/૯૭ ના કામે જે ચુકાદો આપેલો તેમાં પણ એડમીટ થયેલ છે.વઘુમાં એ હકીકત પણ એડમીટ થયેલ છે કે જે જીવલેણ હુમલો કરવામાં આવેલ તેમાં પરબતસીંહ ભવાનસીંહ ઠાકોર સીધી રીતે સંડોવાયેલા હતા, કે જેઓને હાલની ફરીયાદ મુજબ કહેવાતા બનાવમાં ઈજા થયેલી.

આરોપીના વકીલશ્રીની એવી રજુઆત છે કે અમો આરોપી બનાવ સમયે સીકયુરીટી ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. યુની. કેમ્પસની રખેવાળી કરવી અમારી ફરજમાં આવતું હતું. અમારી અગાઉ સીકયુરીટી ઓફીસર તરીકે ઠાકોર પરબતસીંહ ભવાનસીંહ હતા ( હાલની ફરીયાદના કામે ઈજા પામનાર ) કે જેમને યુનીર્વસીટી ઘ્વારા સીકયુરીટી તરીકે છુટા કરવામાં આવેલા.અને આ બાબતનો ગ્રીવન્સ આ ઠાકોર પરબતસીંહને અમારી સામે તથા કેમ્પસ ડાયરેકટર શ્રી. ઝુંડાલ સામે હતો.

વઘુમાં તેમની રજુઆત મુજબ જે ટોળું આવેલું તે માત્રને માત્ર અમોને મારી નાખવા માટે આવેલું. આ સમયે ટોળાને વિખેરવા માટે ફાયરીંગ કરવામાં આવેલ ન હોત તો હું પોતે મરી જાઉ એમ હતુ. તેમની રજુઆત મુજબ કેમ્પસના ડાયરેકટરના ભાઈ શ્રી. ગીરીશ ઝુંડાલનું જે મર્ડર ટોળાએ કરેલ તે ગીરીશભાઈનો ડોકટરનો પી.એમ રીપોર્ટ ઘ્યાનમાં લેતાં ૮૦ જેટલા ઘા હતા. એટલુંજ નહી ટોળું જે આવેલું તે ડાયરેકટરશ્રી. ઝુંડાલ તથા સીકયુરીટી વાળા ચૌઘરીને મારો મારો કરતું આવેલ. એટલુંજ નહી કેમ્પસ ડાયરેકટરનું ઘર પણ સળગાવી દીઘેલ. આમ ઉપરની

જે પરિસ્થિતી હતી તે સંજોગોમાં ગાર્ડ તરીકે રક્ષણ કરવાની મારી ફરજ હતી. અને હું મારી ડયુટીમાંથીભાગી જઈ શકું નહી. તેમની રજુઆત મુજબ ઉપરના સંજોગોમાં જે કંઈ ફાયરીંગ કરવામાં આવેલું તે માત્રને માત્ર સ્વબચાવના હેતુસર કરવામાં આવેલું.

આરોપીના વકીલશ્રીની રજુઆત મુજબ પરબતસીંહ ઠાકોર અને અન્ય વીસથી પચ્ચીસ માણસોના ટોળાએ યુની. કેમ્પસ ઉપર જે હુમલો કરેલો તે હુમલાને કારણે સમગ્ર કેમ્પસમાં ભયનું વાતાવરણ છવાઈ ગયેલ. અને કેમ્પસમાં જે સ્ટાફના માણસો રહેતા હતા તેઓ પણ તેમના કવાર્ટસો ખાલી કરીને તેમના મુળ વતનમાં ચાલ્યા ગયેલા અને અઠવાડીયા દસ દિવસ બાદ યુની. કેમ્પસમાં પુરતો પોલીસ બંદોબસ્ત થયા બાદજ પરત આવેલા.

વધુમા આરોપીના વકીલશ્રીની રજુઆત મુજબ પરબતસીંહ ઠાકોરનો છોકરો જે કેમ્પસમાં ચોરી કરતાં પકડાયેલો તેને પકડીને પોલીસને સોંપી દેવામાં આવેલ. અને આ કારણથી પરબતસીંહ અમારી સાથે ઝગડો કરવા આવેલો.

આમ ઉપર મુજબની રજુઆતો કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૭) આમ, ઉપરોકત બંને પક્ષકારોને સાંભળ્યા બાદ અને રેકર્ડ પરના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લીધા બાદ આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

**<u>મુદ્દા નં.૧.</u>** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે તા. ૧/૧/૯૩ ના રોજ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે અગર તે અરસામાં સરદાર કૃષિનગર( દાંતીવાડા યુનિ.)શોપીંગ સેન્ટર પાસે આરોપી નં.૩ કુલાભાઈએ સાહેદ પરબતસીંગ ભવાનસીંગ તથા મરનાર ભુરસીંગ જોરસીંગ સાથે કેમ્પસમાં કેમ આવ્યા છો તેમ કહી તેઓ સાથે બોલાચાલી કરી આરોપી નં.૩ નાએ ઈરાદા પુર્વક અને જ્ઞાન સાથે સાહેદ પરબતસીંહને મારી નાખવાના ઈરાદે લોખંડની પાઈપ પરબતસીંગના માથામાં,પગો ઉપર તથા ખભા ઉપર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી તેમનું ખુન કરવાની કોશીશ કરી તેમજ સદર ગુનો કરવામાં આરોપી નં.૧ નાએ મદદગારી કરેલ અને તેમ કરી આરોપીઓએ ઈ.પી.કો.ક. ૩૦૭ સાથે વાંચતાં કલમ–૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**<u>મુદ્દા નં.૨.</u>** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપી નં.૩ નાએ અન્ય આરોપી સુભાષ મેવાસા શાહ પાસે જે તેના પિતાની લાયસન્સ વાળી બે નાળી બારબોરની બંદુક હતી તે લઈ તેના વડે મરનાર ભુરસીંગ જોરસીંગ ઉપર બે ફાયર કરી છાતીના ભાગે, માથાના ભાગે અને મોઢાના ભાગે ઈજાઓ પહોંચાડી મરનાર ભુરસીંગ જોરસીંગનું મૃત્યુ નીપજાવી ખુન કરેલ અને સદર ગુનો કરવામાં આરોપી નં.૧ નાએ મદદગારી કરેલ અને તેમ

કરી આરોપીઓએ ઈ.પી.કો.ક. ૩૦૨ સાથે વાંચતાં કલમ–૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૩.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે બનાવ તારીખે, સમયે અને સ્થળે

` આરોપી નં.૩ નાએ સાહેદ પરબતસીંગને પાઈપ માથામાં, પગો ઉપર અને ખભા .પર મારી ઈજાઓ કરી સ્વેચછા પુર્વક મહાવ્યથા પહોંચાડેલ અને સદર ગુનો કરવામાં આરોપી નં.૧ નાએ મદદગારી કરેલ અને તેમ કરી આરોપીઓએ ઈ.પી.કો.ક. ૩૨૫ સાથે વાંચતાં કલમ–૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૪.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે બનાવ તારીખે, સમયે અને સ્થળે

` બનાસકાંઠા જીલ્લાનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવાછતાં આરોપી નં.૩ નાએ હાથમાં બંદુક ધારણ કરી, સદર હથિયાર ગુનો કરવાના ઉપયોગમાં લઈ બી.પી.એ.ક. ૧૩૫ મુજબ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)એ, મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૫.** શું હુકમ ?

ઉપરોકત મુદ્દા અંગે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાઓના આધારે મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧. નકારમાં

મુદ્દા નં.૨. નકારમાં

મુદ્દા નં.૩. નકારમાં

મુદ્દા નં.૪ નકારમાં

મુદ્દા નં. ૫ આખરી હુકમ મુજબ

**કા ર ણો**

**મુદ્દા નંબર–૧ થી ૪ ની સંયુકત ચર્ચા**

ઉપરોકત મુદ્દા નં.૧ થી ૪ એકબીજા સાથે સંકળાયેલા હોય એકની એક હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુસર આ તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

(૮) આ કામના આરોપીઓ સામે ઈ.પી.કો.ક.૩૦૨,૩૦૭,૩૨૫,૧૧૪ તથા બી.પી.એ.ક. ૧૩૫ તેમજ આર્મ એકટની કલમ–૨૫(૧)એ, મુજબના ગુનાનો આરોપ છે.

આ કામે આંક–૫૨ થી જે ચાર્જ કરવામાં આવેલ છે તે મજબ આ આરોપ મુખ્યત્વે આરોપી નં. ૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી સામે છે. આરોપી નં.૧ મીરખાન હુસેને ઉપરોકત ગુનાઓ કરવામાં આરોપી નં.૩ ને મદદગારી કરેલ એવો આક્ષેપ છે.

આરોપીઓ સામે જે ફરીયાદ કરવામાં આવેલી તે ફરીયાદના કામે કુલ–૪ આરોપીઓ હતા. આ પૈકી આરોપી નં.૧ અને ૩ સામે હાલનો કેસ ચાલે છે. આરોપી નં.૨ સુભાષ

મેવાસા શાહ તથા આરોપી નં. ૪ રાજેશકુમારસીંગ પારસનાથસીંગ રાજપુત સામે ચાર્જશીટ અલગ કરવાનો તા. ૨૨/૮/૦૬ ના રોજ જેતે સમયના પ્રિસાઈડીંગ ઓફીસર ધ્વારા હુકમ કરવામાં આવેલો.આમ હાલનો જે કેસ ચાલે છે તે મુખ્યત્વે ફરીયાદના કામના આરોપી નં.૧ અને ૩ સામે ચાલે છે તેમાં,

આરોપી નં.(૧) મીરખાન હુસેન છે તથા

આરોપી નં.(૩) કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી છે.

આ આરોપી નં.૧ સામે આરોપી નં. ૩ ને ઈ.પી.કો.ક. ૩૦૨,૩૦૭,૩૨૫,૧૧૪ તથા બી.પી.એ.ક. ૧૩૫ તેમજ આર્મસ એકટની કલમ–૨૫(૧)એ મુજબના ગુનામાં મદદગારી કર્યાનો આક્ષેપ છે.

આરોપીઓ સામેનો આરોપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે કુલ–૨૧ સાહેદો તપાસેલા છે.

(૯) આરોપી નં.૧ સામે મદદગારી કર્યાનો જે આક્ષેપ છે તે સંદર્ભમાં ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો સાહેદ નં .૯,૧૦,૧૧ અને ૧૨ વાળાનો પુરાવો મહત્વનો છે કે જેઓ આ કામના મહત્વના સાહેદો છે. આ પૈકી,

**ફરીયાદપક્ષે સાહેદ નં.૯ તરીકે આંક–૧૧૬ થી ફરીયાદી ભુરસીંગ રવજી ઠાકોરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં એવું જણાવેલ છે કે, બનાવ તા.૧/૧/૯૩ ના રોજ બનેલો તે દિવસેતેઓ સવારે ૯ થી ૯/૩૦ ના અરસામાં ઘરેથી અંબીકા કરીયાણા સ્ટોર્સ કે જે દાંતીવાડા યુનીર્વસીટીમાં આવેલ છે ત્યાં ગયેલ અને કરીયાણાની દુકાનની પાસે આવેલ શોપીંગ સેન્ટર પાસે પહોંચેલ તે વખતે કુલજીભાઈ ચૌધરી સીકયોરીટી ઓફીસર,તેમના ગામના પરબતસીંગ ભવાનસીંગ કે જેઓ તેમના કાકાના દિકરા ભાઈ થાય છે તે અને તેમની સાથે ભુરસીંગ જોરસીંગ હતા. તે વખતે કુલજીભાઈ ચૌધરી અને તેમના ગામના પરબતસીંગ ભવાનસીંગ એકબીજાને ગાળો બોલતા હતા. કુલજીભાઈએ ઉશ્કેરાઈ જઈ પરબતસીંગના માથા ઉપર તેમજ પેટ, હાથ,પગ ઉપર લોખંડની પાઈપ મારેલી.જેથી પરબતસીંગને ચકકર આવી જતાં નીચે પડી ગયેલ. તેમની સાથે ભુરસીંગ હતો જેણે છોડાવવા માટે પ્રયત્ન કરેલ.આ વખતે સામેથી બીજા ત્રણેક સીકયુરીટી વાળા આવેલા. જેમાં એક સીકયુરીટી વાળા પાસે બે નાળાની બાર બોર વાળી બંદુક હતી. કુલજીભાઈએ આ સીકયુરીટી વાળા પાસેથી બંદુક લઈ ભુરસીંગ ઉપર બે ફાયરીંગ કરેલ જેથી ભુરસીંગને છાતી,પેટ,માથા, હદયના ભાગે છરા વાગતાં છેદ થઈ ગયેલ અને ભુરસીંગ ત્યારબાદ નીચે પડી ગયેલ અને સ્થળ ઉપરજ મરી ગયેલ જયારે પરબતસીંગને દવાખાને લઈ ગયેલા અને તે વખતે તેઓ સ્થળ ઉપર હાજર હતા.

વધુમાં આ સાહેદના પુરાવા મુજબ તેઓએ ભુરસીંગને બચાવવા પ્રયત્ન કરેલ પરંતુ બંદુકની બીક લાગતાં દુર ખસી ગયેલ અને તેઓ ભુરસીંગ ઉપર બંદુકથી ફાયર કરેલ તેને અને પરબતસીંગને લોખંડની પાઈપ વડે મારનાર તરીકે આરોપી કુલજીભાઈ ચૌધરીને કોર્ટ

રુબરુ ઓળખી બતાવેલ છે.

વધુમાં સાહેદના પુરાવા મુજબ આ બનાવનું કારણ એવું છે કે બનાવના બે મહીના પહેલાં પરબતસીંગનો દિકરો જબ્બરસીંગ ડેરીએ દુધ આપવા જતો હતો તે વખતે કુલજીભાઈ ચૌધરીએ તેને મારેલ. પરબતસીંગ બનાવ પહેલાં કુલજીભાઈ ચૌધરીની જગ્યાએ સીકયુરીટી ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. પરબતસીંગને સીકયુરીટી ઓફીસર તરીકે કાઢી મુકેલ અને કુલજીભાઈને રાખેલ જેના કારણસર તેઓ વચ્ચે અદાવત હતી. આ બનાવની તેઓએ ફરીયાદ આપેલી જે આંક-૧૧૭ થી રજુ છે જેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

વધુમાં આ સાહેદે મુદ્દામાલ લોખંડની પાઈપ કે જેના વડે પરબતસીંગને આરોપી ચૌધરીએ મારેલ તે તેમજ ગુજરનાર ભુરસીંગને જે બંદુક વડે ફાયર કરી ઈજાઓ કરેલ તે બંદુક તેમજ કાર્ટીઝ ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાનમાં લેવામાં આવે તો ,

એ વાત ખરી છે કે તા. ૧/૧/૯૩ ના રોજ દાંતીવાડા કૃષિ યુનીર્વસીટીમાં વિજ્ઞાન મેળો હતો અને આ મેળામાં શંકરજી, લીલાધર વાઘેલા કે જેઓ જેતે વખતના ગુજરાત રાજયના મીનીસ્ટર હતા તેઓ મેળામાં આવવાના હતા.

એ વાત ખરી છે કે મુદ્દામાલની લોખંડની પાઈપ, બંદુક તથા ખાલી કારતુસના ખોખા બનાવ વખતે જોયેલા.ત્યારબાદ આજરોજ કોર્ટમાં જોયેલ છે.

એ વાતખરી છે કે મુદ્દામાલ પાઈપ ઘણા લોકોના ઘરે મળી રહે. મુદ્દામાલ પાઈપ આજ હતી તેની ઓળખ માટે કોઈ નિશાની રાખેલ ન હતી. એજરીતે મુદ્દામાલ બંદુક અને કારતુસના ખોખા આજ હતા તેની ઓળખ માટે પણ મે કોઈ નિશાની રાખેલ ન હતી.

એ વાત ખરી છે કે આરોપી નં.૩ કુલજીભાઈ બનાવના અરસામાં કૃષિ યુનીર્વસીટીમાં સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા તેમને જોયેલ.બીજા ચાર પાંચ માણસો પણ સીકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા અને તેમની ફરજમાં યુનીર્વસીટીની મિલકતોની સાર સંભાળ રાખવાની તેમજ ચોરી વિગેરે ન થાય તેની કાળજી રાખવાની હતી.

એ વાત ખરી છે કે આરોપી નં.૩ કુલજીભાઈ સીકયુરીટી ગાર્ડ તરીકે નોકરીમાં દાખલ થયા તે પહેલાં આ યુનીર્વસીટીમાં સીકયુરીટી ગાર્ડ તરીકે પરબતસીંહ ભવાનસીંહ તથા બીજા લોકો હતા. જે અમારા ગામના રહેવાસી હતા.

એ વાત ખરી નથી કે આ લોકો યુનીર્વસીટીમાં ચોરીઓ કરતા હતા અને સ્ટાફ તેમજ કર્મચારીઓને હેરાન કરતા અને તેમને માર પણ મારતા હતા.

મને ખબર નથી કે આ તમામ વ્યકિતઓ સામે યુનીર્વસીટીમાં ફરીયાદો પણ થયેલ અને આ કારણોસર આ બધા વ્યકિતઓને યુનીર્વસીટીમાંથી છુટા કરેલા.

કુલજીભાઈ સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પણ પરબતસિંહ તેમજ અમારા ગામના ઈસમો'યુનીર્વસીટીમાં ચોરીઓ કરતા તેમજ મિલકતને નુકશાન કરતા હોવાથી આ

બાબતની ફરીયાદ યુનીર્વસીટીએ તેમની સામે કરેલ કે કેમ તેની મને ખબર નથી.

એ વાત ખરી છે કે બનાવના દિવસે વિજ્ઞાન મેળો હોવાથી અને રાજયના મીનીસ્ટર આવવાના હોવાથી આરોપી નં.૩ કુલજીભાઈ તથા તેમની સાથેના સીકયુરીટી ગાર્ડને વિશેષ જવાબદારી સોંપેલી.

એ વાત ખરી નથી કે હું પરબતસીંહ તથા અમારા ગામના લોકો યુનીર્વસીટીના ડાયરેકટરશ્રી જુડાલ તેમજ કુલજીભાઈને મારી નાખવાના ઈરાદે શોપીંગ સેન્ટર પાસે ઘાતક હથિયારો લઈને આવેલા અને યુનીર્વસીટીના ડાયરેકટર એવા જુડાલ તેમજ તેમના કુટુંબના માણસોને તેમજ સીકયુરીટી વાળા ઓફીસરને મારી નાખો એવા પોકારો કરતા હતા.

એ વાત ખરી નથી કે મારી સાથેના બીજા માણસોએ કુલજીભાઈ ઉપર ધારીયા અને પાઈપથી હુમલો કરેલો.

એ વાત ખરી નથી કે મે તથા મારી સાથેના માણસોએ કુલજીભાઈને મારતાં હાથે ઘણીબધી ઈજાઓ થયેલી તેના કારણોસર તે નીચે પડી ગયેલા.

એ વાત ખરી નથી કે કુલજીભાઈને બનાવના દિવસે સારવાર માટે લઈ જવામાં આવેલા.

કુલજીભાઈને અમદાવાદ મીલીટરી હોસ્પીટલમાં સારવાર આપવામાં આવેલી કે કેમ તેની મને ખબર નથી .

કુલજીભાઈએ પણ અમારી સામે ફરીયાદ નોંધાવેલી કે કેમ અને તેનો કેસ આજ કોર્ટમાં ચાલે છે કે કેમ તેની મને ખબર નથી.

એ વાત ખરી છે કે, અમારી સામેના કેસમાં અમો તથા આરોપીઓ કોર્ટમાં હાજરી પુરાવીએ છીએ.

એ વાતખરી નથી કે ત્યારબાદ હું તેમજ ટોળું યુનીર્વસીટીમાં ડાયરેકટરશ્રીના બંગલે પહોંચેલ અને જુડાલભાઈના ભાઈ ગીરીશને મે તથા ટોળાના માણસોએ જીવલેણ ઈજાઓ કરી મારી નાખેલ. એટલુંજ નહી ડાયરેકટરશ્રીના બંગલાને પણ અમોએ આગ લગાડેલ.એટલુંજ નહી ડાયરેકટરના પત્ની જયાબેનને પણ જીવલેણ ઈજાઓ પહોંચાડેલ, એટલુંજ નહી જયાબેનની ત્રણ વર્ષની દિકરી નેહાને પણ અનેક ઈજાઓ પહોંચાડી મારી નાખેલ.

એ વાત ખરી નથી કે જયાબેનના બંગલામાં આલ્સીએન કુતરું હતું તેને પણ ઈજાઓ કરી મારી નાખેલ.

એ વાત ખરી છે કે ગીરીશભાઈ તેમજ નેહાબેનને મારી નાખવાના બનાવની તેમજ જયાબેન અને અન્યને ઈજાઓ પહોંચાડેલાની ફરીયાદ જુડાલે મારી તથા અન્યો સામે આપેલી.

એ વાત ખરી છે કે ગલબાભાઈએ આપેલ ફરીયાદના આધારે પોલીસે અમારી સામે ઈ.પી.કો.ક.૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨ વિગેરે મુજબનો ગુનો રજીસ્ટર કરેલ.

એ વાત ખરી છે કે આ ગુનાનો કેસ કોર્ટમાં ચાલેલ જેમાં મને તથા અન્યને જન્મટીપની સજા થયેલી જે સજા નામદાર હાઈકોર્ટ સુધી કાયમ રહેલી.

આ સાહેદનો પુરાવો સમગ્રપણે ઘ્યાનમાં લેવામાં આવે તો તેમના પુરાવા મુજબ બનાવ સમયે આરોપી કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીએ પરબતસીંગને માથા ઉપર, પગ ઉપર, હાથ અને પેટ ઉપર લોખંડની પાઈપ મારેલ. આ વખતે સામેથી બીજા બે ત્રણ સીકયુરીટી વાળા આવેલા જેમાં એક સીકયુરીટી વાળા પાસે બે નાળાની બારબોર વાળી બંદુક હતી તે કુલજીભાઈએ તેની પાસેથી લઈ ભુરસીંગ ઉપર બે ફાયરીંગ કરેલ. અને ભુરસીંગ સ્થળ ઉપરજ મરી ગયેલો. આ પુરાવો ઘ્યાનમાં લેવામાં આવે તો આ બીજા ત્રણ સીકયુરીટી વાળા જે આવેલા તે પૈકી હાલના આરોપી નં.૧ મીરખાન હુસેન પણ આવેલ તે અંગે આ સાહેદે કોઈ પુરાવો આપેલ નથી. એટલુંજ નહી ઈ.પી.કો.ક. ૩૦૭,૩૦૨,૩૨૫ મુજબનો ગુનો કરવામાં આરોપી નં.૩ ને આરોપી નં. ૧ નાએ મદદગારી કરેલ તેવો પણ કોઈ પુરાવો આ સાહેદે આપેલ નથી.

(૯) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૦ તરીકે આંક-૧૩૩ થી સાહેદ પરબતસીંહ ભવાનસીંહ ઠાકોરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં એવું જણાવેલ છે કે, બનાવ પચ્ચીસેક વર્ષ પહેલાં બનેલો. બનાવના એક બે માસ પહેલાં નોબલ સીકયુરીટી દાંતીવાડામાં તેઓ સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હતા અને તેમના ગામના બીજા ઠાકોરો પણ સીકયુરીટી ગાર્ડમાં હતા. બનાવના બે માસ પહેલાં તેમના સીકયુરીટી કોન્ટ્રાકટર હતા તેમનો સમય પુરો થયેલ હતો અને તેમાંથી તેઓ છુટા થયેલ હતા. બનાવના ત્રણેક માસ પહેલાંથી નોબલ સીકયુરીટીના સીકયુરીટી તરીકે કુલાભાઈ નરસંગભાઈ ચૌધરી આવેલ હતા.

વધુમાં સાહેદના પુરાવા મુજબ બનાવના એકાદ માસ પહેલાં તેમનો દિકરો જબ્બરસીંહ યુનીર્વસીટીમાં આવેલ કેન્ટીન કે જે જાલમસીંહ ચલાવતા હતા ત્યાં દુધ આપવા માટે ગયેલ હતો તે વખતે કુલજીભાઈ નરસીંગભાઈએ આ કેન્ટીન આગળ રોકેલો અને કોઈપણ પુછપરછ કર્યા સિવાય કોઈપણ કારણવગર તેમના દિકરાને માર મારેલ.તેમને અને કુલાભાઈને બે ત્રણ વખત માથાકુટ થયેલી.

વધુમાં સાહેદના પુરાવા મુજબ બનાવના દિવસે સવારના અગિયારેક વાગ્યાના સુમારે સરદાર કૃષિ યુનીર્વસીટીમાં એક બાજુ શોપીંગ સેન્ટર છે અને બીજી બાજુ બગીચો છે તેના વચ્ચે થઈને તેઓ અને ભુરસીંગ જોરસીંગ ઠાકોર બંને જણા જતા હતા તે વખતે કુલાભાઈ નારસંગભાઈ સીકયુરીટી ઓફીસર અને તેની સાથે એક રાજેશભાઈ કરીને ગાર્ડ હતો તેઓએ તેમને રોકેલા અને કુલાભાઈ તેમને ગાળો બોલવા લાગેલ અને કહેલ કે યુનીર્વસીટીમાં કેમ આવો છો.તે વખતે કુલાભાઈના હાથમાં લોખંડની પાઈપ હતી અને રાજેશભાઈ પાસે લાકડી હતી તે વખતે તેમને બોલાચાલી થયેલી જેથી ગાર્ડ મીરખાન હુસેનખાન દોડી આવેલ. બોલાચાલી થતાં કુલાભાઈએ તેમના માથામાં તથા ડાબા ખભા ઉપર લોખંડની પાઈપ મારેલી જેથી તેઓ નીચે પડી ગયેલા ત્યારે પણ કુલાભાઈએ તેમના પગ તેમજ પેટ ઉપર લોખંડની પાઈપ મારેલી અને રાજેશે પીઠ પર તેમને લાકડી મારેલ તેમજ બે ત્રણ

લાડકીઓ પેટના ભાગે રાજેશે મારેલ. તે વખતે સુભાષભાઈ શાહ દોડી આવેલા અને તેમની પાસે બંદુક હતી તે ઝુંટવી લઈ કુલાભાઈએ બે ફાયરીંગ કરેલ જે ફાયરીંગ ભુરસીંગ જોરસીંગ ઉપર કરેલ જેથી ભુરસીંગને માથામાં કપાળના ભાગે છરા વાગેલા અને બીજો ઘા છાતીમાં થયેલ જેના છરા છાતીમાં વાગેલા અને ભુરસીંગ ત્યાંજ સ્થળ ઉપર મૃત્યુ પામેલ. ભુરસીંગ, તેમને કુલાભાઈ અને રાજેશભાઈ લાકડી અને પાઈપથી માર મારતા હતા ત્યારે બચાવવા આવેલ તે વખતે કુલજીભાઈએ ફાયરીંગ કરેલ અને તે વખતે ઘણા માણસો આવલા તે પૈકી ભુરસીંગ રવજી, અર્જુનસીંગ બલવંતસીંહ અને ચેલસીંગ ગંભીરસીંહ આવી ગયેલા. ત્યારપછી ચૌધરી કુલાભાઈ, ગાર્ડ સુભાષ શાહ, રાજેશ અને મીરખાન પોતપોતાના હથિયારો લઈ જતા રહેલા.

વધુમાં આ સાહેદના પુરાવા મુજબ ત્યારબાદ તેમને તેમના ગામના ભુરસીંગ રવજી તથા અર્જુનસીંગ બળવંતસીંહ અને ચેલસીંગ ગંભીરસીંહ જાલમસીંગની જીપમાં પાલનપુર સીવીલ હોસ્પીટલમાં સારવાર સારુ લઈ ગયેલા ત્યાં સારવાર કરાવેલી અને વધુ તકલીફ હોય પ્રાથમીક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે તેમને અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલા અને આ બનાવની ફરીયાદ ભુરસીંગ રવજી ઠાકોરે આપેલી. બંને આરોપીઓને તેઓએ ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ બંદુક, લોખંડની પાઈપ અને લાકડી પણ ઓળખી બતાવેલ છે અને બનાવ વખતે પહેરેલ કપડા પોલીસને આપેલા.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાનમાં લેવામાં આવે તો,

એ વાત ખરી છે કે કેમ્પસમાં પ્રાઈવેટ સીકયુરીટીની વ્યવસ્થા હતી.

એ વાત ખરી છે કે હું નોબલ સીકયુરીટીમાં બનાવના બે ત્રણ મહીના પહેલાંથી સુપરવાઈઝર તરીકે કામ કરતો હતો. અને બનાવ પહેલાં અમારા સીકયુરીટી બદલાઈ ગયેલા અને નવા સીકયુરીટી આવેલા.

એ વાત ખરી છે કે કૃષિ યુનીર્વસીટીમાંથી અમારા સીકયુરીટીને છુટા કર્યા બાદ કુલજીભાઈ અને બીજાઓને સીકયુરીટીનો કોન્ટ્રાકટ આપેલો.

એ વાત ખરી છે કે અમારી સીકયુરીટીનું નામ નોબલ સીકયુરીટી હતું. કુલજીભાઈની સીકયુરીટી એજન્સીનું નામ નોબલ સીકયુરીટી હતું કે કેમ તેની મને ખબર નથી.

એ વાત ખરી છે કે હું સીકયુરીટી સુપરવાઈઝરમાંથી છુટો થયેલ તે અરસામાં અમારા ગામ નાંદોત્રાના બીજા લોકો પણ સીકયુરીટીમાંથી છુટા થયેલા.

એ વાત ખરી નથી કે યુનીર્વસીટીમાં ચોરીઓ કરવા બાબતે તેમજ મિલકતને નુકશાન પહોંચાડવા બાબતે કુલજીભાઈએ અમારી સામે પણ ફરીયાદો જેતે પો.સ્ટે.માં કરેલ.

એ વાત ખરી નથી કે આ કેસો હાલ ધાનેરાની મેજીસ્ટ્રેટ કોર્ટમાં ચાલે છે.

હું પાલનપુર સીવીલ હોસ્પીટલમાં સારવાર અર્થે પ્રથમ ગયેલ અને ત્યાં મને અંદાજે બેથી અઢી કલાક રાખેલ અને આ સમયે કુલજીભાઈને આ હોસ્પીટલમાં સારવાર અર્થે લાવેલ કે કેમ તેની મને ખબર નથી.

એ વાત ખરી નથી કે કુલજીભાઈને સારવાર અર્થે લાવેલ તે વખતે અમારા ગામના માણસોનું ટોળું ભેગું થઈ જતાં કુલજીભાઈ હોસ્પીટલમાંથી નીકળી ગયેલા અને ત્યારબાદ તેઓએ જગાણાની હોસ્પીટલમાં અને ત્યારબાદ અમદાવાદ મીલીટરી હોસ્પીટલમાં સારવાર લીધેલી. આ બનાવની કુલજીભાઈએ અમારી સામે ફરીયાદ કરેલ.

એ વાત ખરી નથી કે કેમ્પસ ડાયરેકટર જુડાલે તેમના ભાઈ ગીરીશભાઈ, તેમની દિકરી નેહાને માર મારી મૃત્યુ નિપજાવવા બાબતની તેમજ તેમની પત્નીને ઈજાઓ પહોંચાડયા બાબતની તેમજ તેમના બંગલાને આગ લગાડયાની ફરીયાદ અમારી તથા ટોળા સામે આપેલ.

એ વાત ખરી નથી કે જુડાલે આપેલ ફરીયાદ બાબતનો કેસ ચાલેલ અને આ કેસમાં મને તથા અન્યોને નામદાર સેશન્સ કોર્ટે જન્મટીપની સજા કરેલ.

એ વાત ખરી નથી કે આ ચુકાદા સામે મે તથા અન્યોએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરેલ જે અપીલ નામદાર ગુજરાત હાઈકોર્ટે કાઢી નાખેલ.

આ સાહેદનો પુરાવો ધ્યાનમાં લેતાં બનાવ સમયે કુલાભાઈ નરસંગભાઈ ચૌધરી ( આરોપી નં. ૩) સાથે એક રાજેશભાઈ કરીને ગાર્ડ હતો. તે વખતે કુલાભાઈએ આ સાહેદને રોકેલ અને કુલાભાઈ તેમને ગાળો બોલવા લાગેલ અને કુલાભાઈ સાથે બોલાચાલી થતાં કુલાભાઈએ આ સાહેદના માથામાં લોખંડની પાઈપ મારેલી અને બીજી ડાબા ખભા ઉપર મારેલ અને રાજેશે તેમને પીઠ ઉર લાકડી મારેલી. તે વખતે સુભાષ શાહ ( આરોપી નં.ર ) કે જેમની સામે ચાર્જશીટ અલગ કરવામાં આવેલ છે તે દોડી આવેલા અને તેની પાસે બંદુક હતી તે ઝુંટવી લઈ કુલાભાઈએ બે ફાયરીંગ ભુરસીંગ ઉપર કરેલ તેથી ભુરસીંગ સ્થળ ઉપરજ મૃત્યુ પામેલ. સાહેદના જણાવ્યા મુજબ સીકયુરીટી ગાર્ડ મીરખાન હુસેનખા પણ ત્યાં દોડી આવેલ.આમ આ સાહેદે પણ ફકત આરોપી નં.૧ મીરખાન હુસેનખાન બનાવના સ્થળે દોડી આવેલ તેટલો જ પુરાવો આપેલ છે. આરોપી નં. ૩ કુલજીભાઈ નરસંગભાઈને ઈ.પી.કો.ક. ૩૦ર,૩૦૭,૩૨૫,૧૧૪ તથા બી.પી.એ.ક. ૧૩૫ તથા આર્મ એકટની કલમ–રપ(૧)અ, હેઠળના ગુનાના સંદર્ભમાં મદદગારી કરેલ તેવો કોઈ પુરાવો આ ઈજા પામનાર સાહેદે પણ આપેલ નથી.

આ આરોપી નં.૧ મીરખાન હુસેનખાન પણ બનાવવાળી જગ્યાએ ગાર્ડ તરીકે ફરજ બજાવે છે જેથી સ્વાભાવિક છે કે મારામારીના બનાવ સમયે તેઓ સ્થળ ઉપર દોડી આવેલ હોય.

(૧૦) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૧ તરીકે આંક–૧૪૦ થી સાહેદ અર્જુનસીંગ બળવંતસીંગ ઠાકોરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ સાહેદે તેમના સોગદ ઉપરના પુરાવામાં એવું જણાવેલ છે કે, તેઓ ધોરણ–૧૧ માં સરદાર કૃષિ નગર શાળામાં અભ્યાસ કરતા હતા.તા. ૧/૧/૯૩ ના રોજ તેમની શાળામાં વિજ્ઞાન મેળો હતો જેથી તેઓ વિજ્ઞાનમેળો જોવા માટે સ્કુલમાં ગયેલ તે વખતે આશરે સવા અગીયાર વાગ્યા હતા. તેમની સ્કુલ શોપીંગ સેન્ટરની બાજુમાં આવેલ છે. શોપીંગ સેન્ટર પાસે તેઓ ગયા ત્યારે કુલાભાઈ ચૌધરી

તેમના ગામના માણસો પરબતસીંગ ભવાનસીંગ, ભુરસીંગ જોરસીંગને રસ્તા વચ્ચે રોકીને ઉભેલ હતા. પરબતસીંગ અને ભુરસીંગ ગામમાં જતા હતા ત્યારે કુલજીભાઈ ચૌધરીએ તેઓને કહેલ કે તમે કેમ્પશમાં કેમ આવ્યા, કેમ્પશમાં આવવાની મનાઈ છે તેમ કહી બીભત્સ ગાળો બોલવા લાગેલ એવામાં પરબતસીંગને માથામાં કુલજીભાઈએ પાઈપ મારેલી તેમજ છાતી, પગ ઉપર પણ પાઈપ મારેલી જેથી માથામાંથી લોહી નીકળતું હતું. ત્યારબાદ કુલજીભાઈએ સુભાષ ગનમેનને બોલાવેલ અને તેના હાથમાંથી કુલજીભાઈએ રાયફલ ઝુંટવીને ફાયર કરતાં ભુરસીંગ જોરસીંગને માથામાં, છાતીમાં, મોઢા ઉપર છરા વાગતા જમીન ઉપર પડી ગયેલ. ભુરસીંગ જોરસીંગ ત્યાંજ સ્થળ ઉપર તરફડીયા ખાતા મૃત્યુ પામેલ અને પરબતસીંગને માથામાં વધુ લોહી નીકળતું હોઈ તેમના ગામના જાલમસીંગ વખતસીંગ, ભુરસીંગ રવસીંગ, ચેલસીંગ ગંભીરસીંગ દોડીને આવેલા અને જાલમસીંગ વખતસીંહની ગાડીમાં પરબતસીંગને પાલનપુર સીવીલ હોસ્પીટલમાં તેઓ, ભુરસીંગ અને ચેલસીંગ લઈ ગયેલા.

વધુમાં સાહેદના પુરાવા મુજબ જાલમસીંગ ગુજરી ગયેલ છે.પરબતસીંગને માથામાં વાગેલ હોઈ દવાખાને લાવી દાખલ કરેલ. જાલમસીંગની કૃષિ યુનીર્વસીટીમાં આવેલ શોપીંગ સેન્ટરમાં કેન્ટીન હતી.

વધુમાં આ સાહેદે બંદુક તથા લોખંડની પાઈપ કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

વધુમાં આ સાહેદ એવું જણાવે છે કે, આ બનાવનું કારણ એવું છે કે બનાવ પહેલાં પરબતસીંગ ભવાનસીંગ સીકયુરીટી ઓફીસર તરીકે નોકરી કરતા હતા તે પછી તેમને છુટા કરેલા અને કુલજીભાઈ નરસીંગભાઈ સીકયુરીટી તરીકે આવતાં પરબતસીંગને છુટા કરેલા જેથી કુલજીભાઈએ તેમની સાથે મનદુખ રાખી તેમના ગામના ભુરસીંગ જોરસીંગને ખુન કરી મારી નાખેલ. કુલજીભાઈને તેઓ ઓળખે છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાનમાં લેવામાં આવે તો,

બનાવના બે માસ અગાઉ પરબતસીંગને સીકયુરીટીમાંથી છુટા કરેલા. તેમને કોન્ટ્રાકટરે છુટા કરેલા. મને કયા કારણસર છુટા કરેલ તેની ખબર નથી. કુલજીભાઈ સાથે સીકયુરીટીમાં કેટલા માણસો હતા તેની મને ખબર નથી.

પરબતસીંગ જયારે સીકયુરીટી તરીકે ફરજ બજાવતા હતા ત્યારે અમારા ગામના કોઈ ઈસમ સીકયુરીટી તરીકે ફરજ બજાવતા ન હતા.**( આ હકીકત અગાઉના સાહેદોથી વિપરીત છે )**

એ વાત ખરી નથી કે મારી સામે થયેલ ફરીયાદનો કેસ મારી તેમજ બીજા અન્ય આરોપીઓ સામે પાલનપુર સેશન્સ કોર્ટમાં ચાલેલો. જે કેસનો નંબર સેશન્સ કેસ નં. ૧૫૭/૯૪ હતો. અને આ કેસમાં નામદાર સેશન્સ કોર્ટે મને તથા મારી સાથેના સહ આરોપીઓને જન્મટીપની સજા કરેલ કે જે ચુકાદા સામે નામદાર હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવેલ જે અપીલ નામદાર વડી અદાલતે કાઢી નાખેલી.

એ વાત ખરી નથી કે હું આ કેસમાં થયેલ સજા જેલમાં ભોગવીને છુટેલ છું.

હું મારા ગામના ભુરસીંગ રવજીને ઓખળું છું.

એ વાત ખરી નથી કે ભુરસીંગ રવજી સાબરમતી જેલમાં છે અને તેઓ મારી સાથે જેલમાં સહ આરોપી તરીકે હતા અને તેઓ તેમની સામે ચાલેલ સેશન્સ નં.૧૫૭/૯૪ ના કામની સજા ભોગવે છે.

બાકીની ઉલટ પણ અગાઉના સાહેદો મુજબની છે.

આ સાહેદનો પુરાવો ધ્યાનમાં લેતાં સાહેદના પુરાવા મુજબ બનાવ સમયે ફલુજીભાઈ (આરોપી નં. ૩) નાએ સુભાષ ગનમેનને બોલાવેલ અને તેના હાથમાંથી કુલજીભાઈએ રાયફલ ઝુંટવી લઈ ફાયરીંગ કરેલ જેથી ભુરસીંગ જોરસીંગ સ્થળ ઉપરજ મૃત્યુ પામેલ. આમ આ સાહેદનો પુરાવો ધ્યાનમાં લેતાં પણ બનાવ સ્થળે આરોપી નં. ૧ મીરખાન હુસેનખાન સ્થળ ઉપર હાજર હતો તે બાબતે આ સાહેદે કોઈ પુરાવો આપેલ નથી. આ સંજોગોમાં આરોપી નં. ૩ સામે જે ગુનાનો આરોપ છે તે ગુનામાં મદદગારી કરવાનો આરોપી નં.૧ માટે આ સાહેદનો પુરાવો જોતાં સવાલ ઉપસ્થિત થતો નથી.

**(૧૧) એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૨ તરીકે આંક–૧૪૪ થી સાહેદ પારસમલ ભેમસીંગ શાહને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં એવું જણાવેલ છે કે બનાવ વખતે તેઓ નાંદોત્રા ઠાકોરવાસમાં રહેતા હતા. તેમની દાંતીવાડા યુનીર્વસીટીમાં આવેલ શોપીંગ સેન્ટરમાં અંબીકા કીરાણા સ્ટોર્સ નામની દુકાન હતી. સામાન્ય રીતે તેઓ દુકાને આઠ વાગે જતા અને સાંજે આઠ વાગે દુકાન બંધ કરી તેમના ગામે જતા.

વધુમાં સાહેદના પુરાવા મુજબ બનાવ તા. ૧/૧/૯૩ ના રોજ બનેલ. તે દિવસ તેઓ દુકાને હતા. સવારના અગિયાર વાગ્યાના સુમારે શોપીંગ સેન્ટરની બાજુમાં તોફાનનો અવાજ આવતાં તેઓ બહાર ગયેલ.આ લોકો મારામારી કરતા હતા. પરબતસીંગને મારતા હતા. પરબતસીંગને સીકયુરીટી વાળા કુલજીભાઈ ચૌધરીએ લોખંડની પાઈપ માથા, ખભા તથા પગ ઉપર મારતા હતા.આ મારવાનું કારણ એવું છે કે પરબતસીંગના છોકરાને કુલજીભાઈએ પહેલાં મારેલ હતો તેમજ પરબતસીંગને કુલજીભાઈએ સીકયુરીટીમાંથી કાઢી મુકેલ જેથી માર મારવાનો બનાવ બનેલ.

વધુમાં સાહેદે એવું જણાવેલ છે કે પરબતસીંગ નાંદોત્રા ઠાકોરવાસના છે જેથી પરબતસીંગને તેઓ ઓળખે છે. તેઓ કુલજીભાઈ ચૌધરીને જોયેથી આળખે છે.

વધુમાં આ સાહેદે એવું જણાવેલ છે કે, મીરાજખાને પરબતસીંગને પગ ઉપર લાકડી મારેલી જેથી પરબતસીંગ નીચે પડી ગયેલ.પરબતસીંગ ભાનમાં હતા.પરબતસીંગને ભુરસીંગ રવસીંગ તેમજ બીજા માણસો ગાડીમાં સીવીલ હોસ્પીટલ પાલનપુર લઈ ગયેલ.

સાહેદના પુરાવા મુજબ પરબતસીંગને માર મારેલ તે વખતે તેની સાથે ભુરસીંગ

જોરસીંગ હતા. ભુરસીંગ નાંદોત્રા ઠાકોરવાસના હતા જેથી તેને તેઓ ઓળખતા હતા. ભુરસીંગ ફાયરીંગમાં મરી ગયેલ. પરબતસીંગ પડી જતાં ભુરસીંગ ઉપર કુલજીભાઈએ બંદુકથી ફાયરીંગ કરેલ. કુલજીભાઈએ આ બંદુક તેમની બાજુમાં સીકયુરીટી વાળા ભાઈ ઉભા હતા તેમની પાસેથી ઝુંટવીને ફાયરીંગ કરેલ. ભુરસીંગને માથામાં અને છાતીના ભાગે છરા વાગેલ. ત્યારબાદ બધા ભેગા થયેલા માણસો વેરાઈ ગયેલ. આ સાહેદે બંદુક, લોખંડની પાઈપ તથા લાકડી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાનમાં લેવામાં આવે તો,

બનાવના દિવસે કેમ્પસમાં મેળો હતો તેનો જવાબ એવો છે કે તેવું મે સાંભળેલ હતું પરંતુ મેળો હતો કે કેમ તેની મને ખબર નથી.

મને ખબર નથી કે મેળો હોવાના કારણસર મંત્રીઓ આવવાના હતા તેમજ પોલીસ બંદોબસ્ત હતો.

એ વાત ખરી છે કે તે દિવસે મીરખાન સીકયુરીટીમાં નોકરી કરતો હતો અને તેણે સીકયુરીટીનો ડ્રેસ પહેરેલ હતો.

મને ખબર નથી કે પરબતસીંગ જયારે સીકયુરીટી તરીકે હતા તે વખતે અમારા ગામના લાલસીંગ ભવાનીંગ, ઈશ્વરસીંગ ગંભીરસીંગ, ચેનસીંગ ગંભીરસીંગ, બળવંતસીંગ ગંભીરસીંગ પણ સીકયુરીટી તરીકે હતા. **( આ હકીકત ફરીયાદીએ એડમીટ કરેલ છે )**

પરબતસીંગને સીકયુરીટીમાંથી કેમ છુટા કરેલા તેની મને ખબર નથી.પરબતસીંગને છુટા કર્યા બાદ કુલજીભાઈ અને તેમના માણસો સીકયુરીટી તરીકે આવેલા તેની મને ખબર નથી.

આજરોજ કોર્ટમાં મે ઓળખેલ મુદ્દામાલ હથિયારો બનાવના દિવસે જોયેલ ત્યારબાદ આજરોજ કોર્ટમાં જોયેલ છે. વચ્ચે મે જોયેલ ન હતા. મે આ હથિયારો ઓળખવા માટે જે તે વખતે કોઈ નિશાની રાખેલ ન હતી.

બનાવના અરસામાં કેમ્પસ ડાયરેકટર તરીકે ગલબાભાઈ જુડાલ હતા કે કેમ તેની મને ખબર નથી.

એ વાત ખરી નથી કે ગલબાભાઈએ મારી તેમજ અમારા ગામના લોકો તેમજ પરબતસીંગ સામે ફરીયાદ કરેલ.

એ વાત ખરી નથી કે આ ફરીયાદનો સેશન્સ કેસ નં.૧૫૭/૯૪ હતો, જે અમારી સામે ચાલેલ અને જે સેશન્સ કેસમાં મને, પરબતસીંગ તેમજ બીજા આરોપીઓને આજીવન કેદની સજા થયેલી.

એ વાતખરી નથી કે આ ચુકાદા સામે અમે બધાએ મળીને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરેલ.

મને ખબર નથી કે નામદાર ગુજરાત હાઈકોર્ટ આ અપીલ કાઢી નાખેલ છે.

આ સાહેદનો પુરાવો ધ્યાનમાં લેતાં આ સાહેદે પણ આરોપી નં.૧ મીરખાન

હુસેનખાન સામે આરોપી નં.૩ ને ઈ.પી.કો.ક. ૩૦૨,૩૦૭,૩૨૫,૧૧૪ તથા બી.પી.એ.ક. ૧૩૫ તેમજ આર્મસ એકટની કલમ-૨૫(૧),એ મુજબના ગુનામાં મદદગારી કરવાના સંદર્ભમાં કોઈ પુરાવો આપેલ નથી.

આ સાહેદના પુરાવા મુજબ બનાવ સમયે આરોપી નં.૧ મીરખાને, પરબતસીંગને પગ ઉપર લાકડી મારેલ તેથી પરબતસીંગ નીચે પડી ગયેલ. જો કે પરબતસીંહને પગ ઉપર લાકડી મારેલ તેવી કોઈ હકીકત પરબતસીંહે સાહેદ નં.૧૦ તરીકે તેમના પુરાવામાં જણાવેલ નથી. આ સંજોગોમાં હાલના સાહેદ નં.૧૨ નાએ આરોપી નં.૧ મીરખાને પરબતસીહને પગ ઉપર લાકડી મારેલ તેવો જે પુરાવો આપેલ છે તે પણ સ્વીકારી શકાય એમ નથી.

વધુમાં આરોપી નં.૧ મીરખાન હુસેન પાસેથી ગુનાના કામે લાકડી કબજે કરેલ હોય તેવું પણ કંઈ જણાઈ આવતું નથી.

વધુમાં આરોપી નં.૧ મીરખાન હુસેન બનાવવાળી જગ્યાએ સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા.આ સંજોગોમાં તેની બનાવ સ્થળે હાજરી હોય તે સ્વાભાવિક છે. અને આરોપી નં.૧ પાસેથી કોઈ બંદુક કબજે લેવામાં આવેલ નથી. જે બંદુક આ ગુનાના કામે કબજે લેવામાં આવેલ છે તે આરોપી નં.૨ સુભાષ મેવાસા શાહ કે જેમની સામે ચાર્જશીટ કરેલ છે તેની પાસેથી કબજે લેવામાં આવેલ છે.

આ કામે બીજા જે પંચ સાહેદો, ડોકટરો, પોલીસ સાહેદો વિગેરેને તપાસવામાં આવેલ છે તેમનો પુરાવો ધ્યાનમાં લેતાં પણ આરોપી નં. ૧ નાએ આરોપી નં. ૩ ને ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો કરવામાં મદદગારી કરેલ તેવી કોઈ હકીકતો જણાઈ આવતી નથી.

આમ આરોપી નં.૧ સામે આરોપી નં.૩ ને ઈ.પી.કો.ક. ૩૦૨,૩૦૭,૩૨૫,૧૧૪ તથા બી.પી.એ.ક. ૧૩૫ તેમજ આર્મસ એકટની કલમ-૨૫(૧),એ મુજબના ગુનામાં મદદગારી કરેલ તે હકીકતો પુરવાર થતી નથી.

(૧૨) વધુમાં આ કામના આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી સામે આઈ.પી.સી.ક. ૩૦૨,૩૦૭,૩૨૫,૧૧૪ તથા બી.પી.એ.ક. ૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ-૨૫ (૧),એ મુજબના ગુનાનો આરોપ છે. આ આરોપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે કુલ-૨૧ સાહેદો તપાસેલા છે. અને દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ જે પેરા-૪ માં જણાવેલ છે તેમાં જણાવ્યા મુજબના જરુરી દસ્તાવેજી પુરાવો પણ રજુ કરવામાં આવેલ છે. સાહેદ નં. ૯ થી ૧૨ કે જે મહત્વના સાહેદો છે તેમના પુરાવાની ચર્ચા અગાઉ આરોપી નં.૧ સબંધે જે પુરાવાની ચર્ચા કરી તે દરમ્યાન કરવામાં આવેલ હોવાથી આ સાહેદોના પુરાવાનુ રીપીટેશન કરવામાં આવેલ નથી.

ફરીયાદપક્ષે અન્ય જે સાહેદો તપાસેલા છે તેમાં સાહેદ નં.૧,૭,૧૭,૧૯ તરીકે ડોકટર સાહેદોને તપાસવામાં આવેલા છે.

સાહેદ નં.૨,૩,૪,૫,૬ ,૮,૧૩,૧૪,૧૫,૧૬ એમ કુલ ૧૦ પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે.

સાહેદ નં. ૯ થી ૧૨ તરીકે ફરીયાદના કામના મહત્વના સાહેદોને તપાસવામાં આવેલ છે. કે જેમાં ફરીયાદી તથા ઈજા પામનાર અને અન્ય બે સાહેદોનો સમાવેશ થાય છે.

સાહેદ નં.૧૮ તરીકે પી.એસ.ઓ અને સાહેદ નં.૨૦ અને ૨૧ તરીકે તપાસ કરનાર અમલદારોને તપાસવામાં આવેલા છે.

**(૧૩)** આ કામે ફરીયાદપક્ષ તરફે જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો ફરીયાદપક્ષે સાહેદ નં. ૧,૭,૧૭ અને ૧૯ તરીકે ડોકટર સાહેદોને તપાસવામાં આવેલ છે.**આ પૈકી ફરીયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે આંક–૭૫ થી ડોકટર દિપકકુમાર રામચંદ્ર પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવું જણાવે છે કે, તા.૧/૧/૯૩ ના રોજ તેઓ પાલનપુર સીવીલ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હાજર હતા તે વખતે પી.આઈ. ડીસા સીટી પો.સ્ટે. તરફથી તા. ૧/૧/૯૩ના રોજ સાંજના ૪/૫૦ કલાકે એક પુરુષની લાશ શબ પરીક્ષણ માટે તેમની પાસે લાવવામાં આવેલ. આ લાશ જોરસીંગ પથાજી ઠાકોરે ઓળખી બતાવેલ કે આ લાશ ભુરસીંગ જોરસીંગ ઠાકોરની હતી. તા. ૧/૧/૯૩ ના રોજ સાંજના ૫/૦૦ કલાકે આ શબનું પરીક્ષણ શરુ કરવામાં આવેલ અને તેજ તારીખે સાંજના ૬/૦૦ વાગે પુરુ કરવામાં આવેલ.

વધુમાં આ સાહેદના પુરાવા મુજબ તેઓએ શબનું બાહ્ય તથા આંતરીક પરીક્ષણ કરેલ અને આંક–૭૬ વાળી પી.એમ. નોટ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ જેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે અને આ પી.એમ નોટમાં શબના શરીર ઉપર જે જે ઈજાઓ માલુમ પડેલ તે અંગેની નોંધ કરવામાં આવેલ અને આ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી અને ફાયર આર્મસથી થઈ શકે તેવી હતી અને કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નીપજાવવા માટે પુરતી હતી.

વધુમાં આ સાહેદને મુદ્દામાલની બંદુક બતાવતાં આ બંદુક ડબલ બેરલની બાર બોરની બંદુકમાંથી ફાયર કરવામાં આવે તો પી.એમ.નોટમાં દર્શાવ્યા મુજબની ઈજાઓ થઈ શકે તેવું જણાવેલ છે.

આ ડોકટરની ઉલટ તપાસ જોવામાં આવે તો એ વાત ખરી છે કે બાર બોરની ડબલ બેરલની બંદુકમાંથી એક ફાયરીંગ કરવાથી પણ ઉપર જણાવેલ ઈજાઓ થઈ શકે.

એ વાત ખરી છે કે બનાવના દિવસે હોસ્પીટલમાં નેહાબેન ગલબાભાઈ, ગીરીશભાઈ સોમાભાઈ અને જયાબેન ગલબાભાઈને પણ લાવેલ હતા. જે હું જાણું છું. જે પૈકી ગીરીશભાઈ સોમાભાઈ જુંડાલનું શબ પરીક્ષણ માટે મારી પાસે લાવવામાં આવેલ કે જેઓનુ શબ પરીક્ષણ મે કરેલું.આ લાશ ઉપરની ઈજાઓ જોતાં આ લાશના કપાળના ભાગે છુંદાયેલો ભોકાંયેલો ઘા, ઉઝરડા પ્રકારના, ચકામા વિગેરે પ્રકારની ઈજાઓ હતી અને આખું શરીર ઈજાઓથી ક્ષીણ થઈ ગયેલ હતું અને શરીરના તમામ ભાગો ઉપર ઈજાઓ હતી અને લાશની આંતરીક તપાસ કરતાં તેમાં પણ ઈજાઓ માલુમ પડેલી. ઉપરોકત ઈજાઓ તલવાર, ધારીયા, લાકડી, ભાલા જેવા હથિયારથી થઈ શકે અને આ સાહેદે ગીરીશભાઈ સોમાભાઈ જુડાલની પી.એમ. નોટ આંક–૭૭ થી રજુ કરેલ

છે.

આમ આ ડોકટરનો પુરાવો સમગ્રપણે ધ્યાનમાં લેવામાં આવે તો તેઓએ ફરીયાદના કામે મરણજનાર ભુરસીંગ જોરસીંગ ઠાકોરની લાશનું બનાવના દિવસે તા. ૧/૧/૯૩ ના રોજ શબ પરીક્ષણ કરેલ અને ડોકટરના પુરાવા મુજબઆ તમામ ઈજાઓ મૃત્યુ પહેલાંની હતી અને ફાયર આર્મ્સથી થઈ શકે એમ હતી અને કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નીપજાવવા માટે પુરતી હતી.

આ સાહેદને મુદ્દામાલની બંદુક પણ બતાવવામાં આવેલી જેનાથી ફાયરીંગ કરવામાં આવે તો પી.એમ નોટમાં દર્શાવ્યા મુજબની ઈજાઓ થઈ શકે તેવો પુરાવો આપેલ છે.

આમ આ ડોકટરે વધુમાં વધુમાં મરણજનાર ભુરસીંગ જોરસીંગ ઠાકોરની લાશનું શબ પરીક્ષણ કરેલ છે અને મરણજનારને જે ઈજાઓ કરવામાં આવેલી તે હાલના આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીએ કરેલી કે કેમ તે બાબતે અન્ય સાહેદોનો પુરાવો ધ્યાનમાં લેવો જરુરી છે.

આજ ડોકટર સાહેદે આજ બનાવમાં અન્ય એક ઈસમ ગીરીશભાઈ સોમાભાઈ જુડાલની લાશનું પણ શબ પરીક્ષણ કરેલ કે જેઓ આજ સમયના અરસામાં બીજો જે બનાવ બનેલો અને તે અંગે જે ફરીયાદ કરવામાં આવેલી તે સેશન્સ કેસ નં.૧૫૭ /૯૪ ના ફરીયાદી ગુલાબભાઈ જુડાલના સગા ભાઈ છે. કે જે સેશન્સ કેસના કામે ઠાકોર પરબતસીંહ ભવાનસીંહ તથા અન્ય બીજા ઈસમોને જન્મટીપની સજાઓ કરવામાં આવેલી કે જે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પણ કાયમ રાખવામાં આવેલી.

(૧૪) **એજ રીતે ફરિયાદપક્ષે સાહેદ નં. ૭ તરીકે આંક-૮૮ થી ડો. બાબુલાલ બેચરદાસ સુતરીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં એવું જણાવેલ છે કે તા. ૧/૧/૯૩ ના રોજ તેઓ પાલનપુર સીવીલ હોસ્પીટલમાં મેડીકલ ઓફીસર તરીકે હાજર હતા તે વખતે પરબતસીંગ ભવાનસીંગ તેમની પાસે સારવાર અર્થે આવેલા જેથી તેઓએ તેમને તપાસેલ અને હોસ્પીટલમાં દાખલ કરેલ અને વધુ સારવાર માટે તેજ દિવસે અમદાવાદ સીવીલ હોસ્પીટલમાં મોકલવામાં આવેલ. આ દર્દીને તપાસતાં જે જે ઈજાઓ માલુમ પડેલ તે અંગે આંક-૮૯ વાળુ સર્ટીફીકેટ તેઓએ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરી સહી કરેલ જે સહી તેઓએ ઓળખી બતાવેલ છે.

વધુમાં આ સાહેદના પુરાવા મુજબ તેમના અભિપ્રાય મુજબ દર્દીને થયેલ ઈજાઓ સખત અને બોથર્ડ પદાર્થથી થઈ શકે તેવી હતી અને જો કોઈ પણ જાતની આડ અસર ન થાય તો, તેને આરામ થતાં આઠથી દસ અઠવાડીયા લાગે.

વધુમાં આ સાહેદના પુરાવા મુજબ મુદ્દામાલની લોખંડની પાઈપ મારવાથી માથાના અસ્થિભંગની ઈજા થઈ શકે.

વધુમાં સાહેદના પુરાવા મુજબ દર્દીને સારવાર આપ્યા બાદ સીટી પો.સ્ટે. અધિકારી

પાલનપુરને તેજ દિવસે પરબતસીંગને થયેલ ઈજાઓ બાબતે જરુરી કાર્યવાહી કરવા માટે યાદી કરેલી જે આંક–૯૦ થી રજુ છે તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાનમાં લેવામાં આવે તો,

એ વાત ખરી છે કે આ બનાવના અનુસંધાનમાં મારી પાસે બીજા ઈજા પામનારાઓને પણ લાવવામાં આવેલા અને તેમાં જયાબેન ગલબાભાઈ જુડાલને પણ લાવવામાં આવેલા કે જેઓ સેશન્સ કેસ નં.૧૫૯/૯૪ ના ફરીયાદી ગલબાભાઈ જુડાલના પત્ની છે.

સાહેદની ઉલટ તપાસ મુજબ મે જયાબેન ગલબાભાઈને પણ તપાસેલ કે જેઓને તેમના પુરાવા મુજબ ડાબા હાથે, જમણા હાથે, માથાની જમણી બાજુએ, મોઢા ઉપર ડાબી બાજુએ, જમણા પગની એડી ઉપર વિગેરે જગ્યાએ કુલ–૧૧ જેટલી નાની મોટી ઈજાઓ થયેલી. જે ઈજાઓ કપાયેલા ઘા સ્વરુપની તેમજ અસ્થિભંગ સ્વરુપની હતી.

અને આ ડોકટરના પુરાવા મુજબ જયાબેનને જે ઈજાઓ થયેલી તે પૈકી ઈજા નં.૧ ,૨,૪ ,૮ અને ૧૧ તીક્ષ્ણ ધારદાર હથિયારથી થઈ શકે એવી હતી અને બાકીની ઈજાઓ સખત અને બોથડ પદાર્થથી થઈ શકે એવી હતી અને કોઈ આડઅસર ન થાય તો આ ઈજાઓ રુઝાતા આઠથી દસ અઠવાડીયાનો સમય લાગે અને આ અંગે તેઓએ તબીબી સર્ટીફીકેટ આપેલ તે આંક–૯૧ થી રજુ કરેલ છે.

આમ આ ડોકટરનો પુરાવો ધ્યાનમાં લેતાં તેઓએ હાલની ફરીયાદના કામે ઈજા પામનાર પરબતસીંહ ભવાનસીંહની તબીબી સારવાર કરેલી એટલુંજ નહી સારવાર કર્યા બાદ તેજ દિવસે આ ઈજા પામનાર પરબતસીંહ ભવાનસીંહને અમદાવાદ સીવીલ હોસ્પીટલ મોકલી આપેલા.

સાહેદના જણાવ્યા મુજબ આ પરબતસીંહને જે ઈજાઓ થયેલી તે સખત અને બોથડ પદાર્થથી થઈ શકે એવી હતી અને તેને આરામ થતાં આઠથી દસ અઠવાડીયાનો સમય લાગે. આમ આ સાહેદે પણ પરબતસીંહ ભવાનસીંહને ઈજાઓ થયેલી તે બાબતે પુરાવો આપેલ છે.

ફરીયાદના કામના આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી દ્વારા આ ઈજાઓ કરવામાં આવેલી તે બાબતે અન્ય સાહેદોનો પુરાવો ધ્યાનમાં લેવો જરુરી છે.

(૧૫) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૭ તરીકે આંક–૧૬૫ થી ડોકટર દીગંત કાલીદાસ દીક્ષીતને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં એવું જણાવેલ છે કે, તેઓ તા.૮/૧/૯૩ ના રોજ સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે તેમની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન રાતના ૨/૧૦ કલાકે સીવીલ હોસ્પીટલ પાલનપુરના ટ્રાન્સફર મેમોથી એક દર્દી નામે પરબતસીંહ ભવાનસીંહ આવેલા અને તેઓને તેમણે તપાસેલા. તે દિવસે ડો.એમ.બી. પરીખ સાહેબના યુનીટમાં દાખલ કરવામાં આવેલ અને તેઓને તા. ૨૮/૧/૯૩ ના રોજ રજા આપવામાં આવેલી. તેઓએ પ્રથામીક સારવાર આપેલી. ત્યારબાદ

ડો.એમ.બી. પરીખ સાહેબના યુનીટમાં વધુ સારવાર માટે મોકલી આપેલ અને તેઓએ પણ સારવાર કરેલી અને તેઓ ભાનમાં હતા. તેઓના ટીપીઆર(ટેમ્પ્રેચર, પલ્સ, રીસ્પીરેશન) સામાન્ય પ્રકારના હતા. દર્દીને તપાસતાં તેને હેડ ઈન્જરી હતી, ડાબા ફ્રન્ટલનું કંપાઉન્ડ અને ડીપ્રેસ (ખુલ્લો અને દબાયેલો) ફ્રેકચર હતું અને ડયુરામેટર (મગજનું આવરણ) ઈન્ટેકટ (અકબંધ) હતું. આ બાબતનું તેઓએ આંક-૧૬૬ વાળું સર્ટીફીકેટ આપેલ જેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે.

વધુમાં સાહેદના પુરાવા મુજબ કોઈપણ બોથર્ડ પદાર્થ મારવામાં આવે તો ઉપર પ્રકારની ઈજાઓ થઈ શકે.આ ઈજાઓ ગંભીર પ્રકારની હતી. ઉપરોકત ઈજા કુદરતના સામાન્ય સંજોગોમાં મૃત્યુ થઈ શકે તેવી હતી કે કેમ તે તેઓ ચોકકસ કહી શકે નહી.

આ સાહેદની ઉલટ તપાસ ઘ્યાનમાં લેવામાં આવે તો,

એ વાતખરી છે કે ઈજા પામનારને પ્રાથમીક સારવાર આપ્યા સિવાય બીજી કોઈ વધુ સારવાર મે આપેલ નથી.

એ વાત ખરી નથી કે ઈજા પામનારને માથામાં જે ઈજા થયેલી તે જો કોઈ વ્યકિત રોડ ઉપર દોડતી જતી હોય અને પડી જાય તો થઈ શકે એવી હતી.

આમ આ ડોકટરનો પુરાવો ઘ્યાનમાં લેવામાં આવે તો ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહને પાલનપુર સીવીલ હોસ્પીટલમાંથી આ ડોકટર પાસે મોકલવામા આવેલ કે જેઓ સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે ફરજ બજાવે છે. આ સાહેદનો પુરાવો ઘ્યાનમાં લેતાં પરબતસીંહ ભવાનસીંહને હેડ ઈન્જરી હતી અને તેમાં ડાબા ફ્રંન્ટલ કંપાઉન્ડ અને ડીપ્રેશ ફ્રેકચર હતુ અને સાહેદના જણાવ્યા મુજબ આ ઈજાઓ ગંભીર પ્રકારની હતી. આ ઈજાઓ કુદરતના સામાન્ય સંજોગોમાં મૃત્યુ થઈ શકે એવી હતી કે કેમ તે બાબતે આ સાહેદે હું ચોકકસ કહી શકુ નહી તેવો પુરાવો આપેલ છે. જો કે આ ડોકટરે ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહને માત્ર પ્રાથમીક સારવાર જ આપેલી.

જો કે ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીહને જે ઈજાઓ થયેલી તે ઈજાઓ આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ઘ્વારા કરવામાં આવેલી કે કેમ તે બાબતે અગાઉ જણાવ્યું તે મુજબ અન્ય સાહેદોનો પુરાવો ઘ્યાનમાં લેવો જરુરી છે.

(૧૬) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૯ તરીકે આંક-૧૭૦ થી ડો. સુરેન્દ્ર મહેન્દ્રકુમાર શર્માને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં એવું જણાવેલ છે કે, તા.૨/૧/૯૩ ના રોજ સવારે ૧/૪૫ વાગે તેઓ મેડીકલ ઓફીસર તરીકે સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે હાજર હતા ત્યારે પાલનપુર સીવીલ હોસ્પીટલની ટ્રાન્સફર ચીટ સાથે પરબતસીંહ ભવાનીસીંગને લાવવામાં આવેલ. તેને તપાસીને ડો.એ.એ. પરીખ સાહેબના એફ-૬ વાર્ડમાં દાખલ કરેલ. તેને તપાસતાં ૪ સે.મી. લાંબો ટાંકા લીધેલ ઘા માથાની ડાબી બાજુએ પરાઈટલ રીજીઓનમાં હતો, જમણા ખભાના ભાગે ૪ સે.મી × ૨ સે.મીનો બ્રુઈસ

(ઉઝરડો )હતો, ડાબા ખભાના ભાગમાં દુખાવો હતો, પેટના ઉપરના વચ્ચેના ભાગમાં ઓરીજોન્ટલ ૮ સે.મી.× ર સે.મી. સાઈઝનો ઉઝરડો હતો, દુખાવા કરતો સુજાયેલો ભાગ ડાબા ઘુંટણની નીચે તથા ડાબી એડીના ઉપરના ૧/૪ ભાગમાં હતો. અને માથાનો એક્ષરે લેતાં તેમાં માથાની ડાબી બાજુ ફ્રન્ટો પરાઈટલ ભાગમાં ડીપ્રેસ ફ્રેકચર હતું. જે અંગે તેઓએ આંક–૧૭૧ વાળું સર્ટીફીકેટ આપેલ જેમાં તેમની સહી તથા સિકકો ઓળખી બતાવેલ છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાનમાં લેવામાં આવે તો,

એ વાતખરી છે કે હાલના દર્દી પાલનપુર સીવીલ હોસ્પીટલમાંથી ટ્રાન્સફર થઈને મારી પાસે આવેલ હતા.

એ વાતખરી છે કે હાલના દર્દીની મે કોઈ સારવાર કરેલ ન હતી.

એ વાત ખરી છે કે કાગળોના આધારે મે સર્ટીફીકેટ બનાવેલ છે.

એ વાત ખરી છે કે હાલના દર્દી ડોકટર અને આ હોસ્પીટલની સલાહ વિરુધ્ધ રજા લઈને જતો રહેલ.

એ વાત ખરી છે કે ઈજાનં.૨,૩,૪ સામાન્ય ઈજાઓ છે.

એ વાત ખરી છે કે ઈજા નં.૫, રોડ જેવા કઠણ સપાટી ઉપર પડી જવાથી થઈ શકે.

આમ આ ડોકટરનો પુરાવો ધ્યાનમાં લેતાં તેઓ પણ સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે ફરજ બજાવે છે.આ ડોકટરના પુરાવા મુજબ ઈજા પામનાર પરબતસીંહ ભવાનસીંહને જે ઈજાઓ થયેલી તે તેમાં પાંચેક જેટલી ઈજાઓ આ ડોકટરે બતાવેલી. તે પૈકી ઈજા નં.૨,૩,૪ સામાન્ય હતી અને ઈજા નં.૫ રોડ જેવા કઠણ સપાટી ઉપર પડી જવાથી થઈ શકે તેવી હતી.

અગાઉ જણાવ્યું તે મુજબ બનાવના દિવસે બનાવવાળી જગ્યાએ એટલે કે કૃષિ યુનીર્વસીટી દાંતીવાડા ખાતે ત્રણ ચાર બનાવ બનેલા. જેમાં કૃષિ યુનીર્વસીટીના ડાયરેકટર એવા શ્રી. જુડાલના ઘર ઉપર હુમલો કરવામાં આવેલ, તેમના ઘરને બાળી નાખવામાં આવેલ. એટલુંજ નહી આ ડાયરેકટરના ભાઈ એવા ગીરીશભાઈ સોમાભાઈ જુડાલ તેમજ તેમની દિકરી એવી નેહાની હત્યા કરી દેવામાં આવેલ. એટલુંજ નહી ડાયરેકટરની પત્ની જયાબેનને પણ ગંભીર ઈજાઓ કરવામાં આવેલ, વાઈસ ચાન્સેલરની ઓફીસને પણ ટાર્ગેટ કરવામાં આવેલ. એટલુંજ નહી યુનીર્વસીટીનુ જે ગેસ્ટ હાઉસ હતું ત્યાં પણ હુમલો કરવામાં આવેલ. આ જે હુમલાઓ કરવામાં આવેલ તે હુમલાઓ કરવામાં આ ઈજા પામનાર સાહેદ એવા પરબતસીંહ ભવાનસીંહ ઠાકોરની ટોળામાં હાજરી હતી તે સ્વાભાવિક છે કે આ સમયે દોડધામ થતી હતી અને આ દોડધામમાં પડી જવાથી ઈજા નં.૫ કે જે આ સાહેદે જણાવેલ છે તે થયેલ હોઈ શકે.આ સિવાય અન્ય એક જે ઈજા રહે છે કે જે ઈજા નં.૧ કે જેમાં માથાની ડાબી બાજુએ પરાઈટલ રીજીયોનલમાં ૪ સે.મી. લાંબો ઘા હતો. જો કે આજ ડોકટરની ઉલટ તપાસ મુજબ આ દર્દીની તેમણે કોઈ સારવાર કરેલ નહી. માત્ર તેમની સમક્ષ જે કાગળો રજુ થયેલા તેના આધારે તેમણે સર્ટીફીકેટ આપેલું. એટલુંજ નહી આ ડોકટર અને હોસ્પીટલની સલાહ વિરુધ્ધ ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહ જતો

રહેલો.

આમ ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહને જે ડોકટરોએ તપાસેલા તે પૈકી સાહેદ નં.૭ વાળા પાલનપુર સીવીલ હોસ્પીટલના ડોકટર છે કે જેઓએ આ સાહેદને તપાસીને વધુ સારવાર અર્થે સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે મોકલી આપેલ. સાહેદ નં.૭ વાળા ડોકટરને ત્યાં આ ઈજા પામનાર સાહેદે ૨ થી ૪ કલાક પુરતીજ સારવાર લીધેલ હોય તેવું જણાઈ આવે છે.

આ સાહેદ નં. ૭ વાળા ડોકટરે ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહને ઈજા બાબતનું જે સર્ટીફીકેટ આપેલ તે આંક–૭૯ થી રજુ કરેલ છે. આ સર્ટીફીકેટ જોવામાં આવે તો ઈજા પામનાર સાહેદ પરબતસીંહને આ ડોકટર સમક્ષ બનાવના દિવસે એટલે કે તા. ૧/૧/૯૩ ના રોજ કેટલા વાગે લાવવામાં આવેલ તેવી કોઈ હકીકત બતાવેલ નથી. એટલુંજ નહી ડોકટરે તેના પુરાવામાં પણ સમય બાબતે કોઈ પુરાવો આપેલ નથી.

સાહેદ નં.૧૯ વાળા ડોકટરનો પુરાવો ઘ્યાનમાં લેતાં આ સાહેદને ત્યાં ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહ તા. ૨/૧/૯૩ ના રોજ આવેલા. જો કે આ ડોકટરે સાહેદને માત્ર કાગળોના આધારે સર્ટીફીકેટ આપેલ છે. આ સાહેદે આ ઈજા પામનાર સાહેદ પરબતસીંહની કોઈ સારવાર તેઓએ કરેલ નહી. જો કે આ સાહેદે ઈજા પામનાર સાહેદને માત્ર ઈજા નં.૧ જે માથાની ડાબી બાજુ હતી તે થોડી ગંભીર બતાવેલ છે. બાકીની ઈજાઓ નં.૨,૩,૪ સામાન્ય ઈજાઓ બતાવેલી અને અગાઉ જણાવ્યું તે મુજબ ઈજા નં.૫ રોડ ઉપર પડી જવાથી થઈ શકે તેવી હતી તે જે બનાવ બનેલો તે ઘ્યાનમાં લેતાં તે ઈજાપામનાર સાહેદ પરબતસીહને થયેલ હોઈ શકે.

ડોકટરની ઉલટ તપાસ મુજબ આ ઈજા પામનાર સાહેદ ડોકટર અને હોસ્પીટલની સલાહ વિરુઘ્ઘ રજા લઈને જતો રહેલ.ત્યારબાદ આજ ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહ સાહેદ નં.૧૭ વાળા ડોકટર સમક્ષ તા. ૮/૧/૯૩ ના રોજ સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે ગયેલ. અને ડોકટરના પુરાવા મુજબ ઈજા પામનાર સાહેદને હેડ ઈન્જરી હતી અને તેમાં ફ્રેકચર હતું.

આમ આ ડોકટરોનો પુરાવો ઘ્યાનમાં લેતાં ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહને ઈજાઓ થયેલ હોય તે હકીકત જણાઈ આવે છે.

સાહેદ નં.૭ વાળા ડોકટર સમક્ષ ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહ સારવાર અર્થે કેટલા વાગે ગયેલ તે અંગે સાહેદ નં.૭ વાળા ડોકટરે કોઈ પુરાવો આપેલ નથી. જો કે આ ડોકટરે સારવાર કરી ઈજા પામનાર સાહેદ પરબતસીંહને વધુ સારવાર અર્થે સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે મોકલી આપેલ.

સીવીલ હોસ્પીટલ અમદાવાદના ડોકટર સુરેન્દ્ર શર્મા ( સાહેદ નં. ૧૯) ના પુરાવા મુજબ આ સાહેદને માત્ર માથાની ડાબી બાજુએ ચાર સે.મી લાંબો જે ઘાહતો તે થોડો ગંભીર હતો.આ સિવાય બાકીની ઈજાઓ સામાન્ય હતી. જો કે આ ડોકટરે તો આ દર્દીની કોઈ તબીબી તપાસ

કરેલ નથી. માત્ર કાગળોના આધારે સર્ટીફીકેટ આપેલું.

ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહ આ ડોકટર અને હોસ્પીટલની સલાહ વિરુધ્ધ રજા લઈને જતો રહેલો, કયારે જતો રહેલ તે અંગે પણ આ ડોકટરે કોઈ પુરાવો આપેલ નથી. આજ ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહ ત્યારબાદ સાહેદ નં.૧૭ વાળા ડોકટર સમક્ષ તા. ૮/૧/૯૩ ના રોજ ગયેલ અને આ ડોકટર સાહેદે ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહને હેડ ઈન્જરી બતાવેલ કે જેમાં ફ્રેકચર હતુ. જો કે આ ડોકટરની ઉલટ તપાસ મુજબ પણ તેઓએ ઈજા પામનારને પ્રાથમીક સારવાર આપ્યા સિવાય બીજી કોઈ વધુ સારવાર આપેલ ન હતી.

અગાઉ જણાવ્યું તે મુજબ ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહને જે ઈજાઓ થયેલી તે ઈજાઓ આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી ધ્વારા કરવામાં આવેલી કે કેમ તે બાબતે આ ઈજા પામનાર સાહેદ, ફરીયાદી તથા અન્ય સાહેદો કે જે સ્થળ ઉપર હાજર હતા તેમનો પુરાવો ધ્યાનમાં લેવો જરુરી છે.

(૧૭) એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૨,૩,૪,૫,૬,૮,૧૩,૧૪,૧૫ અને ૧૬ તરીકે વિવિધ પંચનામાઓના પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે.

**આ પૈકી ફરીયાદપક્ષે સાહેદ નં.૨ તરીકે આંક–૭૮ થી પંચ સાહેદ જયંતીલાલ જેઠાભાઈ પરમાર તથા સાહેદ નં.૩ તરીકે આંક–૮૦ થી પંચ સાહેદ હેમંતકુમાર જેઠાલાલ મોઢને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** કે જેઓ મરનાર ઠાકોર ભુરસીંથ જોરસીંગની લાશ ઉપરના કપડા કબજે કર્યાના આંક–૭૯ ના પંચનામાના પંચ સાહેદો છે. આ બંને પંચ સાહેદોએ આંક–૭૯ ના પંચનામામાં અનુક્રમે પંચ નં.૧ અને ૨ તરીકે તેમની સહીઓ ઓળખી બતાવેલી પરંતુ આ પંચનામાની હકીકતોનું સમર્થન કરતા ન હોય આ બંને પંચ સાહેદોને ફરીયાદપક્ષ ધ્વારા ફરી ગયેલા જાહેર કરવામાંઆવેલ છે.

આંક–૭૯ નું પંચનામુ ધ્યાનમાં લેવામાં આવે તો આ પંચનામા અન્વયે મરણજનાર ઠાકોર ભુરસીંગ જોરસીંગના કપડા કે જેમાં સફેદ કલરનું ટેરીકોટનનું શર્ટ, એક બંડી કાળા કલરની તથા એક પેન્ટ ટેરીકોટનનું તથા એક જોંગીયો કબજે કરવામાં આવેલ કે જે કપડા ઉપર લોહીના છુટા છવાયા ડાઘા હતા. આમ આંક–૭૯ ના પંચનામા અન્વયે મરણજનાર ભુરસીંગના કપડા જે કબજે કરવામાં આવેલા તે લોહીવાળા હતા એટલા પુરતીજ હકીકત જણાઈ આવે છે.

(૧૮) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે આંક–૮૧ થી પંચ સાહેદ અંબાલાલ ચેહરાભાઈ પંચાલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** કે જેઓએ આંક–૮૨ ના ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ મુદ્દામાલના પંચનામામાં સહી ઓળખી બતાવેલી. આ પંચનામા મુજબ ગુનાવાળી જગ્યા દાંતીવાડા સરદાર કૃષિ નગર શોપીંગ સેન્ટર પાસેની હતી અને આ જગ્યાએથી સીનીયર સાયન્ટીફીક આસીસ્ટંટ શ્રી. આર.આર. મહેતાએ આ જગ્યાએથી મળી આવેલ કાર્ટીજના ખોખા અને બીજા ભાગો રજુ કરેલા. આમ ગુનાવાળી જગ્ગાએથી કાર્ટીજના

ખોખા અને બીજા ભાગો મળી આવેલાછે તે સાયન્ટીફીક આસીસ્ટંટ શ્રી. આર.આર. મહેતાએ રજુ કરેલ છે.

(૧૯) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે આંક–૮૨ થી પંચ સાહેદ મોહનભાઈ હરીભાઈ બારોટને તથા સાહેદ નં.૬ તરીકે આંક–૮૭ થી પંચ સાહેદ હીરસીંગ રતનસીંગ વાઘેલાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ બંને પંચ સાહેદો આંક–૮૪ વાળા ગુનાવાળી જગ્યાના પંચ સાહેદો છે. આંક–૮૪ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું ધ્યાનમાં લ ેવામા આવે તો ગુનાવાળી જગ્યા સરદાર કૃષિનગર સરદાર શોપીંગ સેન્ટરના પાછળના ભાગે આવેલ ખુલ્લા ચોકમાં શોપીંગ સેન્ટરથી આશરે ૩૫ ફુટ દુર પ્રશ્ચિમે હતી અને આ જગ્યાએ પંચોના પુરાવા મુજબ ગુજરનાર ભુરસીંગની લાશ પડેલ હતી અને આ જગ્યાએથી પોલીસે લોહીવાળી માટી તથા બંદુકના કાર્ટીજના બે પ્લાસ્ટીકના ખાલી ખોખા કબજે કરેલા. આમ આંક–૮૪ ના પંચનામા મુજબ ગુનાવાળી જગ્યાએ મરનાર ભુરસીંગની લાશ પડેલ હતી અને પોલીસે લોહીવાળી માટી તથા કંટ્રોલ માટી તથા બંદુકના કાર્ટીજના પ્લાસ્ટીકના ૨ ખાલી ખોખા કબજે કરેલા તેટલાજ પુરતી હકીકત જણાઈ આવે છે.

(૧૯) **એ જરીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે આંક–૮૨ થી પંચ સાહેદ મોહનભાઈ હરીભાઈ બારોટને તથા સાહેદ નં. ૮ તરીકે આંક–૯૨ થી સાહેદ પરસોતમભાઈ અમરાભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ બંને સાહેદો આંક–૮૫ વાળા મરણજનાર ભુરસીંગની લાશના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદો છે. આ પંચોના જણાવ્યા મુજબ મરનાર ભુરસીંગ જોરસીંગના શરીર ઉપર ઘા પડેલ હતા અને તેનું શરીર લોહીલુહાણ હતું. આંક–૮૫ ના પંચનામા અન્વયે મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવામાં આવેલ અને આ પંચનામા મુજબ મરણજનારના શરીરે એક કરતાં વધારે ઘા હતા અને તેનુ શરીર લોહીલુહાણ હતું.

(૨૦) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૩ તરીકે આંક–૧૪૬ થી પંચ સાહેદ મેમણ હનીફ નુરમહંમદ તથા સાહેદ નં.૧૬ તરીકે આંક–૧૬૨ થી પંચ સાહેદ મુજફ્ફરહુસેન સફીઅહેમદ શેખને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** કે જેઓ આંક–૧૪૭ ના બંદુક કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો છે. આ બંને પંચ સાહેદોએ આંક–૧૪૭ ના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવલે છે.જો કે આ પંચોએ આંક–૧૪૭ ના પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોય તેમને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને પંચ સાહેદોના પુરાવા મુજબ એવું બનેલ ન હતું કે કોઈ ઈસમે અમો પંચો રુબરુ બનાવમાં વાપરેલ બે નાળાની બંદુક રજુ કરેલ હોય અને તે પોલીસે તપાસ અર્થે કબજે કરેલ અને તેની વિગતો પંચનામામાં લખી કબજે કરેલ હોય. આમ પણ આંક–૧૪૭ નું પંચનામું ધ્યાનમાં લેવામાં આવે તો આ પંચનામા અન્વયે આરોપી નં.૨, સુભાષ મેવાસા શાહ પાસેથી બંદુક કબજે કરવામાં આવેલ કે જેમની સામે હાલનો કેસ ચાલતો નથી અને તેમની સામેનું ચાર્જશીટ અલગ કરવાનો હુકમ કરવામાં

આવેલ છે.

(૨૧) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૪ તરીકે આંક–૧૪૮ થી પંચ સાહેદ નવીનચંદ્ર મણીલાલ ત્રિવેદીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** કે જેઓએ આંક–૧૪૯ વાળા લાકડી કબજે કર્યાના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે.પરંતુ આ પંચ પંચનામાની હકીકતોને સમર્થન કરતા નહોય તેમને ફરીયાદપક્ષ ધ્વારા ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા.આમ પણ આંક–૧૪૯ વાળું પંચનામું ધ્યાનમાં લેવામાં આવે તો આ પંચનામા અન્વયે રાજેશકુમારસીંગ પારસનાથસીંગ રાજપુત પાસેથી એક લાકડી વાંસની છ ગાંઠો વાળી કબજે કરવામાં આવેલ કે જે ફરીયાદના કામના આરોપી નં. ૪ છે અને તેમની સામે હાલનો કેસ ચાલતો નથી અને તેમની સામે હાલના કેસનું ચાર્જશીટ અલગ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨૨) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૫ તરીકે આંક–૧૫૯ થી પંચ સાહેદ હીરાજી ઉકાજી માળીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** કે જેઓએ આંક–૧૬૦ વાળા લોખંડની પાઈપ કબજે કર્યાના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે.આ પંચ સાહેદના જણાવ્યા મુજબ કોઈ ઈસમે અમો પંચો રુબરુ ગુનામાં વાપરેલ પાઈપ રજુ કરતાં પોલીસે તપાસ અર્થે કબજે કરેલ હોય એવું બનેલ નથી એવો પુરાવોઆપેલ છે અને આ પંચ સાહેદ પણ આંક–૧૬૦ ના પંચનામાની હકીકતોનું સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષ ધ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.

આંક–૧૬૦ નું પંચનામું જોવામાં આવે તો આ પંચનામા અન્વયે હાલના આરોપી એવા કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી પાસેથી એક લોખંડની પાઈપ કબજે કરવામાં આવેલ કે જે અડધાના ગેજ વાળી ગેલ્વેનાઈઝની સફેદ હતી. આમ આ પંચનામા અન્વયે વધુમાં વધુ આરોપી કુલાભાઈ નરસંગભાઈ ચૌધરી પાસેથી લોખંડની પાઈપ કબજે કરવામાં આવેલ છે જો કે પંચ સાહેદે તેમની રુબરુ આ પાઈપ આરોપી કુલભાઈ નરસંગભાઈ ચૌધરી પાસેથી કબજે કરવામાં આવેલ હોય તે બાબતને સમર્થન કરેલ નથી.

- આમ આંક–૭૯ ના પંચનામા અન્વયે મરનાર ઠાકોર ભુરસીંગ જોરસીંગના કપડા કબજે કરવામાં આવેલ જે વધુમાં વધુ લોહીવાળા ખરડાયેલા હતા.
- આંક–૮૨ થી ગુનાવાળી જગ્યાએથી વધુમાં વધુ કાર્ટીજના ખોખા કબજે કરવામાં આવેલ છે.
- આંક–૮૪ ના ગુનાવાળી જગ્યાના પંચનામા અન્વયે ગુનાવાળી જગ્યાએથી લોહીવાળી માટી તથા કંટ્રોલ માટી તેમજ બંદુકના કાર્ટીજના બે પ્લાસ્ટીકના ખોખા કબજે કરવામાં આવેલ છે.
- આંક–૮૫ ના ઈન્કવેસ્ટ પંચનામા અન્વયે મરનાર ભુરસીંગ જોરસીંગ ઠાકોરની લાશનું ઈન્કવેસ્ટ પંચનામુ કરવામાં આવેલ છે.
- આંક–૧૪૭ ના પંચનામા અન્વયે આરોપી સુભાષ મેવાસા શાહ પાસેથી બંદુક કબજે કરવામાં આવેલ કે જેમની સામે હાલનો કેસ ચાલતો નથી અને તેમની સામેનું ચાર્જશીટ

અલગ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

– એજરીતે આંક–૧૪૯ અન્વયે એક લાકડી કબજે કરવામાં આવેલી કે જે રાજેશકુમારસીંગ પારસનાથસીંગ રાજપુત પાસેથી કબે કરવામાં આવેલ કે જેમની સામે હાલનો કેસ ચાલતો નથી અને તેમની સામેનું ચાર્જશીટ અલગ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

– આંક–૧૬૦ ના પંચનામા અન્વયે હાલના આરોપી કુલાભાઈ નરસંગભાઈ ચૌધરી પાસેથી મુદ્દામાલની લોખંડની પાઈપ કબજે કરવામાં આવેલ. જો કે અગાઉ જણાવ્યું તે મુજબ આ બાબતને પંચસાહેદે સમર્થન કરેલ નથી.

(૨૩) આ કામે આંક–પર થી જે ચાર્જ કરવામાં આવેલ છે તે મુજબ મુખ્યત્વે આરોપી નં.૩ કુલાભાઈ ઉર્ફે કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી સામે ઈ.પી.કો .ક. ૩૦૨,૩૦૭,૩૨૫ તથા બી.પી.એ.ક.૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧) એ, મુજબના ગુનાનો આક્ષેપ છે. આ આક્ષેપ એવી રીતે છે કે આ આરોપીએ,

સાહેદ પરબતસીંગને મારી નાખવાના ઈરાદે લોખંડની પાઈપ પરબતસીંહના માથામાં, પગો ઉપર અને ખભા ઉપર મારી ગંભીર ઈજાઓ પહોંચાડેલ અને તે રીતે તેમનુ ખુન કરવાની કોશીશ કરેલ.

ઈ.પી.કો.ક. ૩૦૨ મુજબના ગુનાનો આરોપ એવી રીતે છે કે આ આરોપીએ અન્ય આરોપી સુભાષ મેવાસા શાહ પાસેથી તેની લાયસન્સ વાળી બે નાળાની ૧૨ બોરની બંદુક ઝુંટવી લઈ મરનાર ભુરસીંગ જોરસીંગ ઉપર બે ફાયરીંગ કરી ભુરસીંગના માથાના ભાગે, છાતીના ભાગે તથા મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ભુરસીંગનું મોત નીપજાવેલ.

આમ હાલના બનાવમાં આરોપી નં.૩ નાએ મુખ્યત્વે પરબતસીંહ ભવાનસીંહ ઠાકોરને ગંભીર ઈજાઓ પહોંચાડેલી. વધુમાં ઠાકોર ભુરસીંગ જોરસીંગનુ મોત નીપજાવેલ એવો આક્ષેપ છે.

(૨૪) ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલ છે તે ધ્યાનમાં લેતાં સાહેદ નં.૯,૧૦,૧૧ અને ૧૨ નો સંદર્ભમાં પુરાવો મહત્વનો છે. જે પૈકી સાહેદ નં. ૯ તરીકે ફરીયાદી ભુરસીંગ રવજી ઠાકોર તથા સાહેદ નં.૧૦ તરીકે પરબતસીંહ ભવાનસીંહ ઠાકોર કે જેમને ઈજાઓ પહોંચાડવામાં આવેલી તેઓ તથા અન્ય બે સાહેદોને તપાસવામાં આવેલ છે. આ તમામ સાહેદોનો પુરાવો અગાઉ આરોપી નં.૧ ના પુરાવાની ચર્ચા કરી _તે દરમ્યાન નોંધવામાં આવેલ છે કે જે આરોપી નં૧ સામે મુખ્યત્વે આરોપી નં.૩ ને ઉપરોકત ગુનાઓમાં મદદગારી કરવાનો આક્ષેપ હતો.આ સંજોગોમાં આ સાહેદોના પુરાવાનું પુનરાવર્તન કરેલ નથી.

**(૨૫) આમ છતાં સાહેદ નં.૯ કે જે ફરીયાદી છે તે ભુરસીંગ રવજી ઠાકોરનો પુરાવો સમગ્ર પણે ધ્યાનમાં લેતાં** તેમના પુરાવા મુજબ બનાવ સમયે કુલજીભાઈએ ઉશ્કેરાઈ જઈ પરબતસીંહ ભવાનસીંહને માથામાં, પેટ તથા હાથ પગો ઉપર લોખંડની પાઈપ મારેલ જેથી પરબતસીંહને ચકકર આવતાં નીચે પડી ગયેલ. વધુમાં આ સાહેદે એવો પણ પુરાવો આપેલ

છે કે આ સમયે કુલજીભાઈ એ અન્ય સીકયુરીટી વાળા પાસે જે બંદુક હતી તે ઝુંટવી લઈ ભુરસીંગ ઉપર બે ફાયરીંગ કરેલ તેથી ભુરસીંગના છાતી, પેટ અને માથામાં તથા હૃદયના ભાગે છરાઓ વાગતાં છેદ થઈ ગયેલ અને તે સ્થળ ઉપરજ મરી ગયેલ.આ સાહેદે આરોપી નં.૩ કુલજીભાઈને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. એટલુંજ નહી બનાવનું કારણ પણ તેઓએ આપેલ છે. એટલુંજ નહી મુદ્દામાલની લોખંડની પાઈપ તથા બંદુક પણ ઓળખી બતાવેલ છે.

આ સાહેદ સિવાય અન્ય તમામ સાહેદોનો પુરાવો તથા તેમની ઉલટ તપાસ ધ્યાનમાં લેતાં એવી હકીકત નીકળી આવે છે કે બનાવના દિવસે એટલે કે તા. ૧/૧/૯૩ ના રોજ દાંતીવાડા કૃષિ યુનીર્વસીટીમાં વિજ્ઞાનમેળો હતો અને આ મેળામાં શંકરજી ઠાકોર, લીલાધર વાઘેલા કે જેઓ જેતે વખતના ગુજરાત રાજયના મીનીસ્ટરો હતા તેઓ મેળામાં આવવાના હતા અને મીનીસ્ટરો આવવાના હોવાથી આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી તથા તેમની સાથેના બીજા સીકયુરીટી ગાર્ડને વિશેષ જવાબદારીઓ સોંપવામાં આવેલી. એટલુંજ નહી હાલના આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી બનાવના અરસામાં કૃષિ યુનીર્વસીટીમાં સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા અને તેમની સાથેના બીજા ચાર પાંચ માણસો પણ સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા તે હકીકત પણ એડમીટ કરવામાં આવેલ છે. એટલું નહી તેમની ફરજમાં યુનીર્વસીટીની મિલકતની સારસંભાળ રાખવાની તેમજ તેની ચોરીઓ વિગેરે ન થાય તેની કાળજી રાખવાની હતી.એટલુંજ નહી આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી સીકયુરીટી ગાર્ડ તરીકે દાખલ થયા તે અગાઉ આ યુનીર્વસીટીમાં સીકયુરીટી ગાર્ડ તરીકે પરબતસીંહ એટલે કે હાલના કેસના ઈજા પામનાર સાહેદ તથા બીજા લોકો સીકયુરીટી તરીકે હતા તે હકીકત પણ એડમીટ કરવામાં આવેલ છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાનમાં લેતાં,

એ વાત ખરી છે કે આરોપી નં.૩ કુલજીભાઈ સીકયુરીટી ગાર્ડ તરીકે નોકરીમાં દાખલ થયા તે પહેલાં આ યુનીર્વસીટીમાં સીકયુરીટી ગાર્ડ તરીકે પરબતસીંહ ભવાનસીંહ તથા બીજા લોકો હતા જે અમારા ગામના રહેવાસી હતા.

એ વાત ખરી નથી કે આ લોકો યુનીર્વસીટીમાં ચોરીઓ કરતા હતા અને સ્ટાફ તેમજ કર્મચારીઓને હેરાન કરતા અને તેમને માર પણ મારતા હતા.

મને ખબર નથી કે આ તમામ વ્યકિતઓ સામે યુનીર્વસીટીમાં ફરીયાદો પણ થયેલ અને આ કારણોસર આ બધા વ્યકિતઓને યુનીર્વસીટીમાંથી છુટા કરેલા.

કુલજીભાઈ સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પણ પરબતસીંહ તેમજ અમારા ગામના ઈસમો યુનીર્વસીટીમાં ચોરીઓ કરતા તેમજ મિલકતને નુકશાન કરતા હોવાથી આ બાબતની ફરીયાદ યુનીર્વસીટીએ તેમની સામે કરેલ કે કેમ તેની મને ખબર નથી.

એ વાત ખરી નથી કે હું પરબતસીંહ તથા અમારા ગામના લોકો યુનીર્વસીટીના ડાયરેકટર શ્રી. જુડાલ તેમજ કુલજીભાઈને મારી નાખવાના ઈરાદે શોપીંગ સેન્ટર પાસે ઘાતક હથિયારો લઈને

આવેલા અને યુનીર્વસીટીના ડાયરેકટર એવા જુડાલ તેમજ તેમના કુટુંબના માણસોને તેમજ સીકયુરીટી વાળા ઓફીસરને મારી નાખો એવા પોકારો કરતા હતા.

એ વાત ખરી નથી કે ત્યારબાદ હું તેમજ ટોળું યુનીર્વસીટીમાં ડાયરેકટરશ્રીના બંગલે પહોંચેલ અને જુડાલભાઈના ભાઈ ગીરીશને મે તથા ટોળાના માણસોએ જીવલેણ ઈજાઓ કરી મારી નાખેલ. એટલુંજ નહી ડાયરેકટરશ્રીના બંગલાને પણ અમોએ આગ લગાડેલ. એટલુંજ નહી ડાયરેકટરના પત્ની જયાબેનને પણ જીવલેણ ઈજાઓ પહોંચાડેલ. એટલુંજ નહી જયાબેનની ત્રણ વર્ષની દિકરી નેહાને પણ અનેક ઈજાઓ પહોંચાડી મારી નાખેલ.

એ વાત ખરી નથી કે જયાબેનના બંગલામાં આલ્સીએન કુતરું હતું તેને પણ ઈજાઓ કરી મારી નાખેલ.

આ સાહેદે ઉપરોકત હકીકતો તેમની ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિમીનલ અપીલ નં. ૧૦૧૦/૯૭ ના કામે તા. ૨૦/૧૦/૯૭ ના રોજ જે જજમેન્ટ આપેલ છે તે જજમેન્ટ ધ્યાનમાં લેતાં ઉપરોકત હકીકતો બાબતે નકારાત્મક ખોટા જવાબો આપેલ છે તે હકીકત જણાઈ આવે છે. કે જે ક્રિમીનલ અપીલ સેશન્સ કેસ નં.૧૫૭/૯૪ ના કામે જે ચુકાદો આપવામાં આવેલ તેની સામે કરવામાં આવેલ.આ સેશન્સ કેસ નં. ૧૫૭/૯૪ ના ગુનાની ફરીયાદ યુનીર્વસીટીના ડાયરેકટર એવા ગલબાભાઈ જુડાલે આપેલ કે જે ફરીયાદના કામે આ ગલબાભાઈ જુડાલના ભાઈ ગીરીશભાઈ જુડાલ તથાતેમની પુત્રી નેહાનું મર્ડર કરી દેવામાં આવેલ અને તેમના બંગલાને આગ પણ લગાડી લેવામાં આવેલ અને આ સબંધેનો સેશન્સ કેસ ચાલી જતાં હાલના ફરીયાદી, ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહ તથા હાલના ફરીયાદના સાહેદ નં. ૧૧ તથા ૧૨ ને પણ આજીવન કેદની સજા કરવામાં આવેલી. અને આ સજાની સામે તેઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરતાં ઉપરોકત અપીલના કામે હાલના સાહેદ નં. ૯,૧૦,૧૧ અને ૧૨ ઉપરાંતના અન્ય આરોપીઓને જન્મ ટીપની સજા કાયમ રાખવામાં આવેલી.

જો કે ત્યારબાદ આ સાહેદે તેમની વધુ ઉલટ તપાસમાં ઉપરોકત હકીકતો એડમીટ કરેલ છે. અને આ સાહેદની વધુ ઉલટ તપાસ ધ્યાનમાં લેતાં,

એ વાત ખરી છે કે ગીરીશભાઈ તેમજ નેહાબેનને મારી નાખવાના બનાવની તેમજ જયાબેન અને અન્યને ઈજાઓ પહોંચાડેલાની ફરીયાદ જુડાલે મારી તથા અન્યો સામે આપેલી.

એ વાત ખરી છે કે ગલબાભાઈએ આપેલ ફરીયાદના આધારે પોલીસે અમારી સામે ઈ.પી.કો.ક. ૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૨ વિગેરે મુજબનો ગુનો રજીસ્ટર કરેલ.

એ વાત ખરી છે કે આ ગુનાનો કેસ કોર્ટમાં ચાલેલ જેમાં મને તથા અન્યને જન્મટીપની સજા થયેલી જે સજા નામદાર હાઈકોર્ટ સુધી કાયમ રહેલી.

(૨૬) **એજ રીતે સાહેદ નં.૧૦ પરબતસીંહ ભવાનસીંહ ઠાકોર કે જેઓ મહત્વના સાહેદ છે અને જેમને આ બનાવમાં ઈજાઓ પણ થયેલી તેમનો આંક-૧૩૩ નો પુરાવો**

**ધ્યાનમાં લેતાં** તેઓએ પણ આરોપી નં.૩ કુલાભાઈ નરસંગભાઈ ચૌધરીએ તેમને લોખંડની પાઈપ મારી ઈજા કરેલ તેમજ અન્ય સીકયુરીટી વાળા સુભાષ શાહ હતા તેમની પાસેથી કુલજીભાઈએ બંદુક ઝુંટવી લઈ ભુરસીંગ ઉપર બે ફાયર કરેલ તેથી ભુરસીંગ ત્યાંજ સ્થળ ઉપર મૃત્યુ પામેલ તેવો પુરાવો આપેલ છે.આ સાહેદે બનાવ અંગેનું કારણ પણ આપેલ છે.

સાહેદના પુરાવા મુજબ બનાવ સમયે તેમને કુલાભાઈ એટલે કે હાલના આરોપી નં.૩ તથા રાજેશભાઈ લાકડી અને પાઈપથી માર મારતા હતા.આ પૈકી રાજેશભાઈ સામે આરોપી નં. ૪ તરીકે ચાર્જશીટ કરવામાં આવેલ છે પરંતુ ત્યારબાદ તેઓ હાલના કેસના કામે હાજર નહી રહેતાં તેમની સામે અલગથી ચાર્જશીટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાનમાં લેતાં,

એ વાત ખરી નથી કે યુનીર્વસીટીમાં ચોરીઓ કરવા બાબતે તેમજ મિલકતને નુકશાન પહોંચાડવા બાબતે કુલજીભાઈએ અમારી સામે પણ ફરીયાદો જે તે પો.સ્ટે.માં કરેલ.

એ વાત ખરી નથી કે કેમ્પસ ડાયરેકટર જુડાલે તેમના ભાઈ ગીરીશભાઈ, તેમની દિકરી નેહાને માર મારી મૃત્યુ નિપજાવવા બાબતની તેમજ તેમની પત્નીને ઈજાઓ પહોંચાડયા બાબતની તેમજ તેમના બંગલાને આગ લગાડયાની ફરીયાદ અમારી તથા ટોળા સામે આપેલ.

એ વાત ખરી નથી કે જુડાલે આપેલ ફરીયાદ બાબતનો કેસ ચાલેલ અને આ કેસમાં મને તથા અન્યોને નામદાર સેશન્સ કોર્ટે જન્મટીની સજા કરેલ.

એ વાત ખરી નથી કે આ ચુકાદા સામે મે તથા અન્યોએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરેલ જે અપીલ નામદાર ગુજરાત હાઈકોર્ટે કાઢી નાખેલ.

આ સાહેદે તેમની ઉલટ તપાસમાં ઉપરની હકીકતો બાબતે જે નકારમાં જવાબ આપેલા છે તે પણ ક્રિમીનલ અપીલ નં. ૧૦૧૦/૯૭ ના કામે નામદાર હાઈકોર્ટે જે ચુકાદો આપેલ છે તે ધ્યાનમાં લેતાં ઉપરની હકીકતો બાબતે આ સાહેદે ખોટો પુરાવો આપેલ છે તે હકીકત જણાઈ આવે છે.

(૨૭) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૧ અર્જુનસીંગ બળવંતસીંગ ઠાકોર કે જેઓને આંક–૧૪૦ થી તપાસવામાં આવેલ છે તેમનો પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો,** તેઓએ પણ આરોપી નં.૩ કુલાભાઈ નરસંગભાઈ ચૌધરીએ પરબતસીંહ ભવાનસીંહને ઈજાઓ પહોંચાડેલ અને ભુરસીંગ જોરસીંગ ઉપર ફાયરીંગ કરીને તેનું મોત નીપજાવેલ તેવો પુરાવો આપેલ છે.

આ સાહેદે તેમની ઉલટ તપાસમાં પરબતસીંહ જયારે સીકયુરીટી તરીકે ફરજ બજાવતા હતા ત્યારે અમારા ગામના કોઈ ઈસમો સીકયુરીટી તરીકે ફરજ બજાવતા ન હતા. જો કે આ હકીકત અગાઉના બીજા સાહેદોના પુરાવાથી વિપરીત છે અને બીજા સાહેદો તથા રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાનમાં લેતાં પરબતસીંહ જયારે આ યુનીર્વસીટીમાં સીકયુરીટી તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમના ગામના અન્ય ઠાકોરો પણ સીકયુરીટી તરીકે ફરજ બજાવતા હતા તે હકીકત જણાઈ

આવેલ છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાનમાં લેતાં,

એ વાત ખરી નથી કે મારી સામે થયેલ ફરીયાદનો કેસ મારી તેમજ બીજા અન્ય આરોપીઓ સામે પાલનપુર સેશન્સ કોર્ટમાં ચાલેલો. જે કેસનો નંબર સેશન્સ કેસ નં.૧૫૭/૯૪ હતો અને આ કેસમાં નામદાર સેશન્સ કોર્ટે મને તથા મારી સાથેના સહ આરોપીઓને જન્મટીપની સજા કરેલ કે જે ચુકાદા સામે નામદાર હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવેલ જે અપીલ નામદાર વડી અદાલતે કાઢી નાખેલી.

એ વાત ખરી નથી કે હુ આ કેસમાં થયેલ સજા જેલમાં ભોગવીને છુટેલ છું.

એ વાતખરી નથી કે ભુરસીંગ રવજી સાબરમતી જેલમાં છે અને તેઓ મારી સાથે જેલમાં સહ આરોપી તરીકે હતા અને તેઓ તેમની સામે ચાલેલ સેશન્સ કેસ નં.૧૫૭/૯૪ ના કામની સજા ભોગવે છે.

આ સાહેદે ઉપરોકત હકીકતો તેમની ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિમીનલ અપીલ નં. ૧૦૧૦/૯૭ ના કામે તા. ૨૦/૧૦/૯૭ ના રોજ જે જજમેન્ટ આપેલ છે તે જજમેન્ટ ધ્યાનમાં લેતાં ઉપરોકત હકીકતો બાબતે નકારાત્મક ખોટા જવાબો આપેલ છે તે હકીકત જણાઈ આવે છે. કે જે ક્રિમીનલ અપીલ સેશન્સ કેસ નં.૧૫૭/૯૪ ના કામે જે ચુકાદો આપવામાં આવેલ તેની સામે કરવામાં આવેલ.આ સેશન્સ કેસ નં. ૧૫૭/૯૪ ના ગુનાની ફરીયાદ યુનીર્વસીટીના ડાયરેકટર એવા ગલબાભાઈ જુડાલે આપેલ કે જે ફરીયાદના કામે આ ગલબાભાઈ જુડાલના ભાઈ ગીરીશભાઈ જુડાલ તથાતેમની પુત્રી નેહાનું મર્ડર કરી દેવામાં આવેલ અને તેમના બંગલાને આગ પણ લગાડી લેવામાં આવેલ અને આ સબંધેનો સેશન્સ કેસ ચાલી જતાં હાલના ફરીયાદી, ઈજા પામનાર સાહેદ પરબતસીંહ ભવાનસીંહ તથા હાલના ફરીયાદના સાહેદ નં. ૧૧ તથા ૧૨ ને પણ આજીવન કેદની સજા કરવામાં આવેલી. અને આ સજાની સામે તેઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરતાં ઉપરોકત અપીલના કામે હાલના સાહેદ નં. ૯,૧૦,૧૧ અને ૧૨ ઉપરાંતના અન્ય આરોપીઓને જન્મ ટીપની સજા કાયમ રાખવામાં આવેલી.

(૨૮) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં.૧૨ ,પારસમલ ભેમસીંગ શાહને આંક–૧૪૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં જે જગ્યાએ બનાવ બનેલો તે જગ્યા એટલે કે દાંતીવાડા કૃષિ યુનીર્વસીટીમાં આવેલ શોપીંગ સેન્ટરમાં તેમની અંબીકા કરીયાણા સ્ટોર નામની દુકાન હતી અને આ સાહેદે પણ આરોપી નં. ૩ કુલાભાઈ નરસંગભાઈ ચૌધરી સામે પરબતસીંહને લોખંડની પાઈપ માથામાં, ખભા તથા પગો ઉપર મારી ઈજાઓ કરેલ તથા ભુરસીંગ જોરસીંગ ઉપર આરોપી નં.૩ કુલાભાઈ નરસંગભાઈ ચૌધરીએ બંદુકથી ફાયરીંગ કરેલ જેથી ભુરસીંગ જોરસીંગ સ્થળ ઉપર મરી ગયેલ તે બાબતનો પુરાવો આપેલ છે.

આ સાહેદની ઉલટ તપાસ ધ્યાનમાં લેતાં,

બનાવના દિવસે કેમ્પસમાં મેળો હતો તેનો જવાબ એવો છે કે તેવું મે સાંભળેલ પરંતુ મેળો હતો કે કેમ તેની મને ખબર નથી. એટલુંજ નહી મેળો હોવાના કારણસર મંત્રીઓ આવવાના હતા તેમજ પોલીસ બંધોબસ્ત હતો કે કેમ તેની મને ખબર નથી. જો કે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાનમાં લેતાં બનાવના દિવસે બનાવવાળી જગ્યાએ એટલે કે કૃષિ યુનીર્વસીટીમાં કૃષિ મેળો હતો અને રાજયના મીનીસ્ટરો આવવાના હતા અને સુરક્ષાની વિશેષ જવાબદારીઓ ગોઠવવામાં આવેલી તે હકીકતો એડમીટ છે. આમછતાં આ સાહેદે આ બધી બાબતે મને ખબર નથી એવા જવાબો આપેલ છે.

આ સાહેદે તેમની ઉલટ તપાસમાં પરબતસીંહને સીકયુરીટીમાંથી કેમ છુટા કરેલ તેની મને ખબર નથી. જો કે ક્રિમીનલ અપીલ નં. ૧૦૧૦/૯૭ ના કામે નામદાર ગુજરાત હઈકોર્ટે જે ચુકાદો આપેલ છે તે ધ્યાનમાં લેતાં આ પરબતસીંહ ઠાકોર સીકયુરીટી તરીકે હોવાછતાં તેમના સમય ગાળામાં ચોરીઓ થતી હોવાના કારણે અને આ ચોરીઓ કરનાર ઈસમો તેમનાજ ગામના( નાંદોત્રા) ના ઠાકોરો હોવાના કારણે અને સીકયુરીટી તરીકે આ પરબતસીંહ ચોરીઓ કાબુમાં લઈ શકતા ન હતા તે કારણસર તેમને છુટા કરવામાં આવેલા. અને આ હકીકત આ સાહેદ નં.૧૨ પારસમલ ભેમસીંગની જાણમાં હોઈ શકે કારણ કે આ સાહેદ પણ ઈજા પામનાર પરબતસીંહના ગામના જ છે. એટલુંજ નહી નાંદોત્રા ગામના આ સાહેદ સરપંચ પણ હતા આમછતાં પરબતસીંહને સીકયુરીટીમાંથી કેમ છુટા કરેલ તેની મને ખબર નથી તેવા જવાબ આ સાહેદે આપેલ છે.

એટલુંજ નહી આ સાહેદે તેમની ઉલટ તપાસમાં બનાવના અરસામાં કેમ્પસના ડાયરેકટર તરીકે ગલબાભાઈ જુડાલ હતા કે કેમ તેની મને ખબર નથી.

એ વાત ખરી નથી કે ગલબાભાઈએ મારી તેમજ અમારા ગામના લોકો તેમજ પરબતસીંગ સામે ફરીયાદ કરેલ.

એ વાત ખરી નથી કે આ ફરીયાદનો સેશન્સ કેસ નં. ૧૫૭/૯૪ હતો, જે અમારી સામે ચાલેલ અને જે સેશન્સ કેસમાં મને, પરબતસીંગ તેમજ બીજા આરોપીઓને આજીવન કેદની સજા થયેલી.

એ વાત ખરીનથી કે આ ચુકાદા સામે અમે બધાએ મળીને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરેલ.

મને ખબર નથી કે નામદાર ગુજરાત હાઈકોર્ટે આ અપીલ કાઢી નાખેલ છે.

ઉપરોકત હકીકતો બાબતે ક્રિમીનલ અપીલ નં. ૧૦૧૦/૯૭ ના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે જે ચુકાદો આપેલ છે તે ધ્યાનમાં લેતાં ઉપરની બાબતો આ સાહેદની જાણમાં ન હતી તે હકીકત માની શકાય નહી અને આ બધી હકીકતો આ સાહેદની જાણમાંજ હોવાછતાં આ સાહેદે આ બાબતે મને ખબર નથી એવા જવાબો આપેલ છે.

(૨૯) **ફરીયાદપક્ષે સાહેદ નં. ૧૮ તરીકે આંક-૧૬૭ થી સાહેદ કેશરસીંહ**

**તખતસીંહ વાઘેલાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં એવું જણાવેલ છે કે, તા. ૧/૧/૯૩ ના રોજ તેઓ પાંથાવાડા પો.સ્ટે.માં પી.એસ.ઓ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ભુરસીંગ રવાજી ઠાકોર રહે. નાંદોત્રા, તા. ધાનેરા વાળાની પી.એસ.આઈ. ડીસા રુરલ પો.સ્ટે. કેમ્પ દાંતીવાડા યુની. રુબરુની આંક-૧૧૭ ની ફરીયાદ યાદી સાથે ગુનો દાખલ કરવા સારું તેમની પાસે આવતાં તેઓએ પાંથાવાડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧/૯૩ થી ઈ.પી.કો.ક. ૩૦૨,૩૦૭ તથા બી.પી.એ.ક. ૧૩૫ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ પી.એસ.આઈશ્રીને સોંપી આપેલી.

આ સાહેદે તેમના પુરાવા દરમ્યાન આંક-૧૬૮ થી સુચીપત્ર તથા તપાસનો હુકમ તેમજ આંક-૧૬૯ થી ગુનો દાખલ કરવા જે યાદી મળેલી તે રજુ કરેલ છે.

સાહેદના પુરાવા મુજબ આ ફરીયાદના આધારે તેઓએ સ્ટેશન ડાયરીમાં આ ગુના લગત નોંધ કરેલી અને લાગતા વળગતા ઉપલા અધિકારીશ્રીઓને મેસેજથી જાણ કરેલી .

આ સાહદનો પુરાવો ઘ્યાનમાં લેવામાં આવે તો વઘુમાં વઘુ તેઓ તા. ૧/૧/૯૩ ના રોજ પાંથાવાડા પો.સ્ટ.માં ફરજ બજાવતા હતા અને આ દરમ્યાન ભુરસીંગ રવાજી ઠાકોર રહે. નાંદોત્રા વાળાની ફરીયાદ કે જે પી.એસ.આઈ ડીસા રુરલ પો.સ્ટે. કેમ્પ દાંતીવાડી યુનીર્વસીટીની રુબરુ આપવામાં આવેલ તે ફરીયાદ દાખલ થવા માટે આવતાં આ સાહેદે માત્ર ગુનો દાખલ કરેલો. આ સિવાય બીજી કોઈ વિશેષ હકીકત આ સાહેદનો પુરાવો જોતાં જણાઈ આવતી નથી.

(૩૦) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં. ૨૦ તરીકે આંક-૧૭૨ થી સાહેદ પી.આઈ ઘનશ્યામભાઈ હઠીસીંહ ગોહીલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં એવું જણાવેલ છે કે, તા.૨/૧/૯૩ ના રોજ તેઓ પાંથાવાડા પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા તે વખતે સી.પી.આઈ સાહેબના ફરમાન મુજબ ગુનો ડીસા રુરલ પો.સ્ટે.ને ફ.ગુ.ર.નં. ૧/૯૩ થી પાંથાવાડા પો.સ્ટે.માં રજીસ્ટર કરેલ.

સાહેદના પુરાવા મુજબ એફ.એસ.એલ અધિકારી સ્થળ વીજીટ પર આવતાં સી.પી.આઈ ડીસાના હુકમ મુજબ તેઓએ કૃષિ યુનીર્વસીટી દાંતીવાડા આવી તેમની રુબરુ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી ફાયર થયેલ કાર્ટીઝ કબજે લીધેલ જે પંચનામું આંક-૮૨ થી રજુ છે તેમાં બે પંચોની તથા રુબરુ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે. તેજરીતે આંક-૭૯ વાળા પંચનામામાં પંચોની તથા રુબરુ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.

વઘુમાં સાહેદના પુરાવા મુજબ તેઓએ તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, મરનાર ભુરસીંગના લોહીવાળા કપડા કબજે લીધેલા, આરોપી કુલાભાઈ નરસંગભાઈની શરીરસ્થિતીનું પંચનામું કરેલ જે આંક-૧૭૩ થી રજુ છે તેમાં પંચોની તથા રુબરુ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.

સાહેદના પુરાવા મુજબ મરનાર ભુરસીગનું મેડીકલ ઓફીસરશ્રીએ પી.એમ. કરીને તેના મૃત દેહમાંથી બંદુકનો છરો કાઢીને આપેલ તે તપાસ અર્થે કબજે કરી તેનું પંચનામું

કરેલ જે આંક–૧૭૪ થી રજુ છે તેમાં પંચોની તથા રુબરુ તરીકે તેમની સહી ઓળખી બતાવેલ છે.

આ સાહેદનો પુરાવો ધ્યાનમાં લેવામાં આવે તો તેઓ બનાવ સમયે પાંથાવાડા પો.સ્ટે.માં પી.એસ.આઈ તરીકે ફરજ બજાવતા હતા અને સી.પી.આઈ સાહેબના ફરમાન મુજબ તેઓએ હાલનો ગુનો દાખલ કરેલ અને ગુનાવાળી જગ્યા કે જે કૃષિ યુનીર્વસીટી દાંતીવાડા ખાતે આવેલ તેનું ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ અને સ્થળ ઉપરથી ફાયર થયેલ કાર્ટીજ કબજે કરેલ. વધુમાં તેમના જણાવ્યા મુજબ તેઓએ સાહેદોના નિવેદન ોલીધેલા.

આ સાહેદે આંક–૧૭૩ થી આરોપી કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીની શરીરસ્થિતીનું પંચનામું રજુ કરેલ તેમજ આંક–૧૭૪ થી મરનાર ભુરસીંગના દેહમાંથી બંદુકના જે છરા નીકળેલ જે મેડીકલ ઓફીસરશ્રીએ પી.એમ. કરી બહાર કાઢેલ તે મેડીકલ ઓફીસરે આ સાહેદને આપતાં તેમણે તપાસ અર્થે કબજે કરેલ અને આ બાબતે આંક–૧૭૪ નું પંચનામું પંચો રુબરુ કરેલ. આ સિવાય બીજો કોઈ વિશેષ પુરાવો આરોપી કુલજી નરસંગભાઈ ચૌધરી સામે આ સાહેદે આપેલ નથી.

આ સાહેદની ઉલટ તપાસ મુજબ એ વાત ખરી છે કે હાલના બનાવના દિવસે યુનીર્વસીટી કેમ્પસમાં હાલના બનાવથી દુર બીજો પણ એક બનાવ બનેલો કે જેની ઈ.પી.કો.ક. ૩૦૨,૪૩૬ વિગેરે મુજબની ફરીયાદ નોંધાયેલ.

એ વાત ખરી છે કે આ કેસમાં જે સાહેદો છે તે બીજો બનાવ બનેલો તેના આરોપીઓ હતા.

આમ આ સાહેદે બનાવ સમયે બીજો એક બનાવ પણ યુનીર્વસીટી કેમ્પસમાંજ બનેલો તે હકીકત એડમીટ કરેલ છે. એટલુંજ નહી આ બાબતેની ફરીયાદ ઈ.પી.કો.ક. ૩૦૨,૪૩૬ મુજબની નોંધાયેલ અને આ કેસના જે સાહેદો છે તે જે બીજો બનાવ બનેલો તેના આરોપીઓ હતા તે હકીકત પણ એડમીટ કરેલ છે. ( આ જે ફરીયાદ નોંધાયેલી તે યુની.કેમ્પસના ડાયરેકટર ગલબાભાઈ જુડાલ ધ્વારા આપવામાં આવેલી અને તે ફરીયાદના કામે આ કેમ્પસના ડાયરેકટરના ભાઈ ગીરીશભાઈ જુડાલ, તેની દિકરી નેહાનું મર્ડર કરી દેવામાં આવેલ અને કેમ્પસ ડાયરેકટરના બંગલાને આગ પણ લગાડી દેવામાં આવેલી તે મતલબની આ ફરીયાદ હતી. જેનો કેસ નં. ૧૫૭/૯૪ પડેલો અને હાલના કામના જે ફરીયાદી અને અન્ય જે સાહેદો હતા કે જેમને અનુક્ર મે સાહેદ નં. ૯,૧૦,૧૧,૧૨ તરીકે તપાસવામાં આવેલ છે તેમને સેશન્સ કેસ નં. ૧૫૭/૯૪ ના કામે જન્મટીપની સજા કરવામાં આવેલી )

(૩૧) **એજ રીતે ફરીયાદપક્ષે સાહેદ નં. ૨૧ તરીકે આંક–૧૭૫ થી તપાસ કરનાર અમલદાર કચરાભાઈ દલાભાઈ પરમારને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.** આ સાહેદે તેમના સોગંદ ઉપરના પુરાવામાં એવું જણાવેલ છે કે,સને ૧૯૯૩ ની સાલમાં તેઓ સર્કલ પો.ઈ. ડીસા તરીકે ફરજ બજાવતા હતા ત્યારે આ કામની તપાસ ઉપરી અધિકારીની સુચનાથી આગળની તપાસ કરવા માટે તેમને મળેલી. આ કામમાં પ્રથમ ડીસા સીટી પોલીસ ઈન્સ્પેકટર

શ્રી. એમ.ટી.રાણા તથા પાંથાવાડા પી.એસ.આઈ શ્રી. ગોહીલ સાહેબે તપાસ કરેલી. ત્યારપછીની તપાસ તેમની પાસે આવતાં આરોપી કુલજીભાઈ તથા મીરખાન વિગેરે ત્રણ આરોપીઓ જેમાં સુભાષ મેવાશા શાહે બંદુક રજુ કરેલ જેનું વિગતવારનું પંચનામું કરી કબજે કરેલ.જે પંચનામું આંક-૧૪૭ થી રજુ છે જેમાં પંચોની તથા રુબરુ તરીકે તેમની સહીઓ ઓળખી બતાવેલ છે.

વધુમાં સાહેદના પુરાવા મુજબ આરોપી કુલાભાઈ ઉર્ફે કુલજીભાઈ નરસંગભાઈએ એક લોખંડની પાઈપ રજુ કરેલી તે કબજે કર્યાનું આંક-૧૬૦ વાળું પંચનામું, રાજેશકુમાર તથા પારસનાથસીંગે લાકડી રજુ કરેલ તે કબજે કર્યાનું આંક-૧૪૯ વાળું પંચનામું રજુ કરેલ છે.

સાહેદે મુદ્દામાલની બંદુક, લોખંડની પાઈપ અને લાકડી ઓળખી બતાવેલ છે.

વધુમાં સાહેદે તેમના પુરાવા દરમ્યાન,

આંક-૧૭૬ થી ચૌધરી કુલાભાઈનું ડીસ્ચાર્જ સર્ટીફીકેટ

આંક-૧૭૭ થી મુદ્દામાલ એફ.એસ.એલમાં તપાસણી અર્થે મોકલી આપેલ તેની રવાનગી નોંધ

આંક-૧૭૮ થી એફ.એસ.એલની પહોંચ

આંક-૧૭૯ થી ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા માટે રેવન્યુ સર્કલ ઈન્સ્પેકટર ધાનેરાને કરેલ યાદી

આંક-૧૮૦ થીકલેકટરશ્રી બનાસકાંઠાને ગુનાવાળી જગ્યાનો નકશો તાત્કાલીક બનાવવા વિનંતી કરતો પત્ર

આંક-૧૮૧ થી તાલુકા વિકાસ અધિકારી ધાનેરા તરફથી નકશો બનાવવા બાબતે જાણ કરતો પત્ર

આંક-૧૮૨ થી એફ.એસ.એલ અમદાવાદનો મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ તથા ફોરવર્ડીંગ લેટર

આંક-૧૮૩ તથા ૧૮૪ થી મામલતદારશ્રી ધાનેરા તરફથી ગુનાવાળી જગ્યાના નકશા સાથે પત્ર મળેલ જે નકશો તથા પત્ર

આંક-૧૮૫ થી મુદ્દામાલ એફ.એસ.એલમાં મોકલવા માટેની રવાનગી નોંધ

આંક-૧૮૬ થી મુદ્દામાલ એફ.એસ.એલ અમદાવાદને મળ્યાની પહોંચ

આંક-૧૮૭ થી એફ.એસ.એલ અમદાવાદનો એફ.એસ.એલ પરીક્ષણનો અહેવાલ ફોરવર્ડીંગ લેટર ( પાંચ કાગળો સાથેનો )

આંક-૧૮૮ થી બનાસકાંઠા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું જાહેરનામું

રજુ કરેલ છે.

સાહેદના પુરાવા મુજબ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોઈ આરોપીઓ

વિરુધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

આ સાહેદની ઉલટ તપાસ ઘ્યાનમાં લેવામાં આવે તો,

એ વાત ખરી છે કે હાલના બે આરોપીઓ આ કેમ્પસમાં સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા.

એ વાત ખરી છે કે હાલની ફરીયાદના સંદર્ભમાં આરોપી કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીએ પણ ક્રોસ ફરીયાદ આપેલી અને કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીએ આપેલ ફરીયાદની મે તપાસ કરેલી અને ચાર્જશીટ પણ કરેલ.

એ વાત ખરી છે કે આજ દિવસે આજ કેમ્પસમાં ત્રીજો પણ એક બનાવ ઈ.પી.કો.ક.૩૦૨ મુજબનો બનેલો અને આ જે બનાવ બનેલો તે બનાવના કામે હાલના કેસના ફરીયાદી તથા સાક્ષીઓ આરોપીઓ હતા.

એ વાત ખરી છે કે આ ઈ.પી.કો.ક. ૩૦૨ મુજબનો જે બનાવ બનેલો તેની તપાસ પણ મે કરેલી અને આ ઈ.પી.કો.ક. ૩૦૨ ના ગુનામાં આરોપીઓને સજા થયેલી.

એ વાત ખરી છે કે આ કામે મે કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નથી.

આમ આ સાહેદનો પુરાવો ઘ્યાનમાં લેવામાં આવે તો આ સાહેદે પણ આ ગુનાની તપાસ કરેલ છે કે જે ગુનાની આગળની તપાસ ડીસા સીટી પી.આઈ એમ. કે. રાણા તથા પાંથાવાડા પો.સ્ટે.ના પી.આઈ. શ્રી. ગોહિલે પણ કરેલી.

સાહેદના જણાવ્યા મુજબ તેઓએ આરોપી કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી પાસેથી એક લોખંડની પાઈપ આંક-૧૬૦ ના પંચનામા અન્વયે કબજે કરેલ. જો કે આ બાબતને આજ પંચનામાના પંચ કે જેમને સાહેદ નં.૧૫ તરીકે તપાસવામાં આવેલ છે તેઓએ સમર્થન કરેલ નથી.

આ સાહેદની ઉલટ તપાસ ઘ્યાનમાં લેતાં તેઓએ હાલના ગુનાના કામે કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નથી.

આમ આ સાહેદે તેમની ઉલટ તપાસમાં એ એડમીટ કરેલ છે કે આરોપી કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીએ પણ હાલના બનાવના સંદર્ભમાં ક્રોસ ફરીયાદ આપેલી.

સાહેદે એ પણ એડમીટ કરેલ છે કે કેમ્પસમાં આજ દિવસે ત્રીજો એક બનાવ પણ ઈ.પી.કો.ક. ૩૦૨ મુજબનો બનેલો જેમાં હાલના કેસના ફરીયાદી તથા સાહેદો આરોપીઓ તરીકે હતા અને આ ઈ.પી.કો.ક. ૩૦૨ ના ગુનામાં આ આરોપીઓને સજા થયેલી.

(૩૨) આ કામે આરોપી નં.૩ તરફે મુખ્ય બચાવ એવો છે કે આ કામે જે કંઈ ફાયરીંગ કરવામાં આવેલું તે સ્વબચાવ માટે કરવામાં આવેલું અને ફાયરીંગ કરવામાં આવેલ ન હોત તો હાલના આરોપી પોતે મરી જાય એવી પરિસ્થિતી હતી. આરોપીના વકીલશ્રીએ પોતાની રજુઆતના સંદર્ભમાં ઈ.પી.કો.ક.૧૦૦ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિમીનલ અપીલ નં. ૧૦૧૦/૯૭ ના કામે જે જજમેન્ટ આપેલું તે જજમેન્ટ તરફ અત્રેની અદાલતનુ ઘ્યાન દોરેલ

છે.

**I.P.C. 100. When the right of private defence of the body extends to causing death -** The right of private defence of the body extends, under the restrictions mentioned in the last preceding section,to the voluntary causing of death or of any other harm to the assailant, if the offence which occasions the exercise of the right be of any of the descriptions hereinafter enumerated,

namely :-

*First*.- Such an assault as may reasonably cause the apprehension that death will otherwise be the consequence of such assault ;

*Secondly*.- Such an assault as may reasonable cause the apprehension that grievous hurt will otherwise be the consequence of such assault ;

(૩૩) આરોપી પક્ષે કરેલ રજુઆતના સંદર્ભમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિમીનલ અપીલ નં.૧૦૧૦/૯૭ ના કામે તા. ૨૦/૧૦/૯૭ ના રોજ જે ચુકાદો આપેલ તે ધ્યાનમાં લેવામાં આવે તો આ અપીલ સેશન્સ કેસ નં.૧૫૭/૯૪ ના કામે આરોપીઓને જન્મ ટીપની સજા જે એડીશનલ સેશન્સ જજ, બનાસકાંઠા ધ્વારા કરવામા આવેલી તે હુકમની સામે આરોપીઓએ આ અપીલ કરેલ અને તે અપીલના કામે જે અરજદારો હતા તે અરજદારોમાં ઠાકોર પરબતસીંહ ભવાનસીંહ જે હાલની ફરીયાદના કામે ઈજા પામનાર તથા અન્ય સાહેદ નં. ૯ ,૧૦,૧૧ વાળા પણ અરજદારો તરીકે હતા. આ અપીલના કામે જે ચુકાદો આપવામાં આવેલો તે ધ્યાનમાં લેવામાં આવે તો સેશન્સ કેસ નં.૧૫૭/૯૪ ના કામે જે બનાવ બનેલો તે પણ તા. ૧ /૧/૯૩ ના રોજ સવારે લગભગ અગિયાર વાગ્યાના સુમારે બનેલો. હાલની ફરીયાદ વાળો બનાવ પણ લગભગ સવારના અગિયાર વાગ્યાના અરસામાં બનેલ છે. સેશન્સ કેસ નં.૧૫૭/૯૪ વાળી જે ફરીયાદ કરવામાં આવેલ તે ગલબાભાઈ જુડાલ કે જેઓ યુનીર્વસીટી કેમ્પસના ડાયરેકટર હતા તેઓએ કરેલી. જે ફરીયાદના કામનો સેશન્સ કેસ નં. ૧૫૭/૯૪ પડેલો અને તે સેશન્સ કેસ ચાલી જતાં હાલની ફરીયાદના કામે ઈજા પામનાર પરબતસીંહ ભવાનસીંહ ઠાકોર તથા બીજા અન્ય આરોપીઓને જન્મટીપની સજા કરવામાં આવેલી. જેની સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમીનલ અપીલ નં. ૧૦૧૦/૯૭ કરવામાં આવેલી. જે અપીલના કામે પણ નામદાર સેશન્સ કોર્ટનો ચુકાદો કાયમ રાખવમાં આવેલો.અને આ અપીલ ના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે જે ચુકાદો આપેલ તેની હકીકતો ધ્યાનમાં લેવામાં આવે તો કૃષિ યુનીર્વસીટી દાંતીવાડા ખાતે જી.એસ. જુડાલે ડાયરેકટર

તરીકે ચાર્જ સંભાળેલ અને ચાર્જ સંભાળતા સમયે તેમને જાણ થયેલ કે ઠાકોર જ્ઞાતિના લોકો કે જેઓ નાદોત્રા ગામના હતા તે ગામના લોકો યુનીર્વસીટી કેમ્પસમાં આવેલ પાકોની ચોરી કરતા હતા અને આ બાબતને તેઓએ ગંભીરતાથી લીધેલ અને આ સંદર્ભમાં તેઓએ નાંદોત્રા ગામના ઠાકોર જ્ઞાતિના લોકોને મીટીંગમાં બોલાવેલ અને તેમાં નાંદોત્રા ગામના સરપંચ પારસમલ શાહનો ( કે જેઓ પણ હાલના કેસમાં સાહેદ નં.૧૨ છે ) પણ સમાવેશ થતો હતો.આ સામે ઠાકોર જ્ઞાતિના લોકો તરફથી એવી રજુઆત કરવામાં આવેલ કે ઠાકોર કોમના છોકરાઓની આજીવીકાનો પ્રશ્ન છે. જેથી આ ઠાકોર કોમના છોકરાઓને નોકરીએ રાખવામાં આવે તો આ બાબત હલ થઈ શકે એમ છે. જેથી કેમ્પસના ડાયરેકટર એવા ગલબાભાઈ જુડાલે આ બાબત સ્વીકારેલી અને આ કામના ઈજા પામનાર પરબતસીંહ ભવાનસીંહ સહિત અન્ય લોકોને સીકયુરીટી ગાર્ડ તરીકે નિમણુક કરવામાં આવેલી.આમછતાં છ આઠ મહીના બાદ યુનીર્વસીટી કેમ્પસમાં ચોરી ચાલુ થઈ ગયેલ તેથી ઠાકોર પરબતસીંહ ભવાનસીંહ તથા બીજા લોકો કે જેમને સીકયુરીટી તરીકે રાખવમાં આવેલા તેમને છુટા કરી દેવામાં આવેલા અને હાલના કેસના આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીની સીકયુરીટી તરીકે નિમણુક કરવામાં આવેલ. અને આ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીએ ઠાકોર કોમના છોકરાઓને નોકરીએ રાખવાની ના પાડી દીધેલ. એટલુંજ નહી ઠાકોર કોમના છોકરાઓ કૃષિ યુનીર્વસીટીમાં જે પાણીની ટેન્ક આવેલ હતી તે ટેન્કમાં પેશાબ કરતા હતા. એટલુંજ નહી લાલસીંહ ભવાનંસીહ કે જે પરબતસીંહ ભવાનસીહનો ભાઈ હતો તેને પણ સીકયુરીટી ઓફીસર એવા કુલજીભાઈએ રુબરુમાં પકડેલો અને લાફો મારેલો.આમ હાલના કેસના આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીની સીકયુરીટી ઓફીસર તરીકે નીમણુક થતાં તેમના ધ્વારા જે પગલાં લેવામાં આવેલા તેના કારણે કૃષિ યુનીર્વસીટીમાં જે ચોરીઓ થતી હતી તે લગભગ બંધ થઈ ગયેલ અને જે લોકો ચોરીઓ કરતા હતા તે પૈકી બે વ્યકિતઓને પકડીને પોલીસના હવાલે કરી દેવામાં આવેલ. આમ ઠાકોર પરબતસીંહ ભવાનસીંહ તથા તેમના ગામના લોકોને સીકયુરીટી ગાર્ડ તરીકે છુટા કરી દેવામાં આવતાં અને તેમની જગ્યાએ હાલના આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીને સીકયુરીટી તરીકે નિમવામાં આવતાં તેમની વચ્ચે તથા કેમ્પસના ડાયરેકટર એવા શ્રી. જુડાલની સામે ઠાકોર જ્ઞાીતના લોકોને ગ્રીવન્સ ઉભો થયેલ.

(૩૪) બનાવના દિવસે એટલે કે તા. ૧/૧/૯૩ ના રોજ કૃષિ યુનીર્વસીટીમાં વિજ્ઞાન મેળો હતો અને રાજયના મીનીસ્ટરો પણ મેળામાં આવવાના હતા. આ સમયે ૧૦/૩૦ વાગ્યાના અરસામાં ઠાકોર કોમના માણસો પણ કૃષિ યુનીર્વસીટીમાં એકઠા થયેલા અને આ ઠાકોર કોમના છોકરાઓએ સીકયુરીટી વાળા ઉપર હુમલો કરેલ. આ સમયે પરિસ્થિતી કાબુ બહાર જાય એમ હતી. તેથી હુમલાખોરોને હટાવવા માટે ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરવામાં આવેલ પરંતુ ટોળું વિખેરાયેલ નહી. આથી સીધું ફાયરીંગ કરતાં ભુરસીંગ જોરસીંગ ઠાકોર સ્થળ ઉપરજ મરી ગયેલ. આનાથી જે ટોળું હતું તે વધુ ગુસ્સે ભરાયેલ અને કેમ્પસના સ્ટાફ ઉપર હુમલો કરેલ

અને જુડાલ સાહેબને ( એટલે કે સેશન્સ કેસ નં. ૧૫૭/૯૪ ના ફરીયાદી ) મારી નાખો એવી બુમો પાડેલ. આ ટોળાએ યુનીર્વસીટી કેમ્પસમાં જે ગેસ્ટ હાઉસ હતું તેની પણ તોડફોડ કરેલ અને બાબતની જાણ કેમ્પસના ડાયરેકટર એવા શ્રી. જુડાલને કરવામાં આવેલી. તેઓએ બી.એસ.એફ ની મદદ મેળવવા માટેનો પ્રયત્ન કરેલ કે જે બી.એસ.એફનું કેમ્પસ આ યુનીર્વસીટીની સામેજ આવેલ છે અને તેઓ બી.એસ. એફ ના ગાર્ડ સાથે કૃષિ યુનીર્વસીટીમા આવ્યા અને તેઓ તેમના બંગલે ગયા ત્યારે તેમને જાણ થયેલ કે તેમનું ઘર પણ બાળી નાખવામાં આવેલ છે. આ સમયે આરોપી નં.૩ કુલાભાઈ નરસંગભાઈ ચૌધરીને પણ ઈજાઓ થયેલ છે તે હકીકત શ્રી. જુડાલે જાણેલી. આ બનાવ બનતાં ત્રણ દિવસ કષિ યુનિર્વસીટી બંધ રહેલી. કૃષિ યુનીર્વસીટીમાં જે ૩૦૦ નો સ્ટાફ હતો અને તેઓ યુનીર્વસીટીમાં બનાવેલ કવાર્ટસમાં રહેતા હતા તે બધા પૈકી કેટલાક કેમ્પસ છોડીને જતા રહેલા. અને આઠ દસ દિવસ પછી પુરતો પોલીસ બંદોબસ્ત થયા બાદ જ પરત ફરેલા.

(૩૫) આ જે બનાવ બનેલો અને કેમ્પસ ડાયરેકટર એવા શ્રી. ગલબાભાઈ જુડાલના બંગલાને બાળી નાખવામાં આવેલ અને તે સમયે બંગલામાં આ ડાયરેકટરના પત્ની, તેમની બેબી અને તેમના ભાઈ ગીરીશભાઈ જુડાલ તથા તેમનું પાળેલું કુતરું હાજર હતા તે પૈકી ડાયરેકટરના ભાઈ એવા ગીરીશભાઈ જુડાલ તથા ડાયરેકટરની નાની બેબી એવી નેહાનું મર્ડર કરી દેવામાં આવેલ.એટલું નહી ડાયરેકટરના પત્નીને પણ ગંભીર પ્રકારની ઈજાઓ કરવામાં આવેલી.

ઉપર મુજબનો જે કંઈ બનાવ બનેલો અને ઠાકોર કોમના લોકોનું જે ટોળું આ ગુનાના કામે સામેલ હતું તેમાં હાલના ફરીયાદના કામના ઈજા પામનાર ઠાકોર પરબતસીંહ ભવાનસીંહ પણ છરી સાથે હાજર હતો. અને આ બાબતનું ઓબ્ઝર્વેશન ઉપરોકત ક્રિમીનલ અપીલ નં. ૧૦૧૦/૯૭ ના કામે કરવામા આવેલ છે. એટલુંજ નહી આ ક્રિમીનલ અપીલના કામે કરવામાં આવેલ ઓબ્ઝર્વેશન મુજબ આ જે ટોળું ઠાકોર કોમના લોકોનું એકઠું થયેલ તેમનો એક માત્ર ઈરાદો યુનીર્વસીટીના ડાયરેકટર શ્રી.જુડાલ તથા સીકયુરીટી ઓફીસરને મારી નાખવાનો હતો અને તેમને મારી નાખવાના ઈરાદાસર આ ટોળું તેમની શોધખોળ કરતું હતું.

'(૩૬) હાલની ફરીયાદના કામે જે ઈજા પામનાર છે તે પરબતસીંહ સામે ક્રિમીનલ અપીલ નં. ૧૦૧૦/૯૭ ના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે જે ચુકાદો આપેલ છે તે ઘ્યાનમાં લેતાં ઠાકોર પરબતસીંહ ભવાનસીંહ સામે ૧૩ થી વઘુ ફરીયાદો નોંઘાયેલ છે જે સેશન્સ કેસ નં. ૧૫૭/૯૪ ના કામે આંક–૧૨૭ થી ૧૪૩ સુઘી રજુ કરવામાં આવેલ છે. આ ફરીયાદો મુખ્યત્વે દારુ, મારામારી, ચોરી, ઘમકીઓ આપવી, અપહરણ કરવા,લુંટ કરવા સબંઘેની તેમજ ઈ.પી.કો.ક. ૩૫૪ મુજબની થયેલ છે. આ પૈકી કેમ્પસના ડાયરેકટર એવા શ્રી.જુડાલે પણ ઠાકોર પરબતસીંહ ભવાનસીંહ સામે આંક–૧૭૩ વાળી ફરીયાદ કરેલી.

એજ રીતે આંક–૧૭૪ વાળી ફરીયાદ પણ રાજયના મીજીસ્ટરશ્રીને પણ કરવામાં આવેલી ( સેશન્સ કેસ નં.૧૫૭/૯૪ ના કામે ) ઉપરોકત ફરીયાદો રજુ થયેલ છે. એટલુંજ નહી

આ ફરીયાદો થતાં ઠાકોર પરબતસીંહ ભવાનસીંહને બે વર્ષ માટે તડીપાર પણ કરવામાં આવેલ અને આ તડીપાર એટલા માટે કરવામાં આવેલ કે આ પરબતસીંહ ભવાનસીંહ દાંતીવાડા યુનીર્વસીટી કેમ્પસની ઘણીબધી વાંધા જનક પ્રવૃતિમાં સંડોવાયેલ. એટલુંજ નહી કૃષિ યુનીર્વસીટી ડાયરેકટર એવા શ્રી. જુડાલે ઠાકોર પરબતસીંહ સામે ડી.એસ.પી.ને પણ ફરીયાદ કરેલ.

આમ સેશન્સ કેસ નં. ૧૫૭/૯૪ ના કામે જે ફરીયાદ કેમ્પસના ડાયરેકટર એવા શ્રી. ગલબાભાઈ જુડાલે કરેલ તે ફરીયાદના કામે આ કેમ્પસ ડાયરેકટરના ભાઈ ગીરીશભાઈ જુડાલ તથા તેમની બેબી નેહાનું મર્ડર કરી દેવામાં આવેલ. એટલુંજ નહી કેમ્પસ ડાયરેકટરના બંગલામાં જે નાનુ ગલુડીયું ( કુતરુ ) હતું તેની પણ હત્યા કરી દેવામાં આવેલ. અને કેમ્પસના ડાયરેકટરની પત્ની જયાબેનને પણ ગંભીર ઈજાઓ કરવામાં આવેલી.વધુમાં ડાયરેકટરના બંગલાને પણ આગ લગાડી દેવામાં આવેલ તેમજ કેમ્પસમાં જે ગેસ્ટ હાઉસ હતું તેની પણ તોડફોડ કરવામાં આવેલી.

(૩૭) નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિમીનલ અપીલ નં. ૧૦૧૦/૯૭ ના કામે જે ચુકાદો આપેલ છે તે ઘ્યાનમાં લેતાં સ્થળ ઉપર જે પરીસ્થિતી હતી તે કાબુ બહારની હતી. આ ટોળું કે જે ગેરકાયદેસર મંડળીના સ્વરુપમાં હતું તેનો એક માત્ર ઈરાદો કેમ્પસ ડાયરેકટર શ્રી. જુડાલ તથા સીકયુરીટી ઓફીસરને મારી નાખવાનો હતો અને આ હેતુસર આ ટોળું તેમની શોધખોળ પણ કરતું હતું. વધુમાં આ જે બનાવો બનેલ છે તે એકજ સમયના અરસામાં બનેલા છે.હાલના આરોપી નં. ૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી આ યુનીર્વસીટીમાં સીકયુરીટી ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા.સીકયુરીટી ઓફીસર તરીકે તેમની ફરજ યુનીર્વસીટીની માલ મિલકતોનું રક્ષણ કરવાની હતી. આમ ટોળું જે બેકાબુ બનેલ તેને વિખેરવા માટે ફાયરીંગ કરવું જરુરી હતું. અને આ સમયે જે ફાયરીંગ કરવામાં આવેલ તે ફાયરીંગમાં ઠાકોર ભુરસીંગ જોરસીંગનું મૃત્યુ થયેલ. આમ જે પરિસ્થિતી હતી તે પરિસ્થિતીને ઘ્યાનમાં લેતાં સ્વબચાવ માટે ફાયરીંગ કરવામા આવેલું એવી આરોપી નં.૩ તરફે જે રજુઆત કરવામાં આવેલ છે તે સ્વીકારી શકાય એમ છે.

વધુમાં આ બનાવમાં સીકયુરીટી ઓફીસર એવા હાલના આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીને પણ ઈજાઓ થયેલી અને તેઓએ શરુઆતમાં પ્રાથમિક સારવાર પાલનપુર સીવીલ હોસ્પીટલ ખાતે લીધેલ અને વધુ સારવાર માટે તેઓને અમદાવાદ મીલીટરી હોસ્પીટલ ખાતે લઈ જવામાં આવેલ. અને ત્યાં તેમણે તા. ૩/૧/૯૩ થી તા. ૧૯/૧/૯૩ સુધી અંદરના દર્દી તરીકે સારવાર લીધેલી. આમ સીકયુરીટી ઓફીસર એવા હાલના આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીને પણ ગંભીર પ્રકારની ઈજા કરવામાં આવેલી.

આમ ઈ.પી.કો.ક. ૧૦૦ ની જોગવાઈ ઘ્યાનમાં લેતાં સ્વબચાવ માટે ફાયરીંગ કરવામાં આવેલ તેવી આરોપી નં.૩ તરફે જે રજુઆત કરવામાં આવેલ છે તે ઉપરના સંજોગોમાં

તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિમીનલ અપીલ નં. ૧૦૧૦/૯૩ ના કામે જે ચુકાદો આપેલ છે તે ઘ્યાનમાં લેતાં સ્વીકારી શકાય એમ છે.

ફરીયાદપક્ષે આંક–૧૯૭ થી લેખીત દલીલ કરેલ છે અને તેમાં એવી રજુઆત છે કે હાલની ફરીયાદના કામે ઠાકોર ભુરસીંગ જોરસીંગનું મૃત્યુ થતાં આજુબાજુના ગામના ઠાકોર કોમના લોકો આવી ગયેલા.અને આ બનાવથી કુલજીભાઈ ઉપર ઠાકોરોનો આક્રોશ હોઈ તેમને શોધવા માટે ટોળું જુદી જુદી જગ્યાએ આ બનાવ બન્યા પછી ૧૧/૩૦ વાગ્યાના સુમારે ગયેલ અને પાછળથી બનાવ બનેલો છે.તેથી પાછળના બનાવ પહેલાં આરોપી કુલજીભાઈને પોતાના સ્વબચાવમાં પરબતભાઈને તેમજ ભુરસીંગને ઈજાઓ પહોંચાડવાનો અધિકાર પહોંચતો નથી. અને તેમની રજુઆત મુજબ આરોપીએ સ્વબચાવનો બચાવ ઉપજાવી કાઢેલો છે . જે માનવા પાત્ર નથી.પરંતુ ફરીયાદપક્ષે ઉપરોકત જે રજુઆત કરવામાં આવેલ છે તે આ કામે અગાઉ જે ચર્ચા કરેલ છે તે મુજબ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રિમી.અપીલ નં.૧૦૧૦/૯૭ ના કામે જે ચુકાદો આપેલ છે તે સમગ્રપણે ઘ્યાનમાં લેતાં સ્વીકારી શકાય નહી.

(૩૮) વધુમાં બંદુકમાંથી આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી ઘ્વારા ફાયરીંગ કરવામાં આવતાં ઠાકોર ભુરસીંગ જોરસીંગનું સ્થળ ઉપર મૃત્યું નિપજેલ એવો ફરીયાદપક્ષનો કેસ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આ બંદુક હાલના આરોપી નં. ૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીએ આરોપી સુભાષ મેવાસા શાહ કે જે અન્ય સીકયુરીટી ગાર્ડ હતા તેની પાસેથી ઝુંટવી લઈ ફાયરીંગ કરેલ.

આ બંદુક પણ એફ.એસ.એલને ચકાસણી અર્થે આંક–૧૭૭ ની રવાનગી નોંધ સાથે મોકલવામાં આવેલ છે અને આંક–૧૮૨ થી એફ.એસ.એલનો રીપોર્ટ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ છે. આ એફ.એસ.એલનો રીપોર્ટ ઘ્યાનમાં લેતાં આ મુદ્દામાલની બંદુક ઉપર હાલના આરોપીના આંગળાની છાપ બાબતે કોઈ અભિપ્રાય માગવામાં આવેલ નહી અને એફ.એસ.એલ ઘ્વારા પણ આ બાબતે કોઈ અભિપ્રાય આપવામાં આવેલ નથી.જે અભિપ્રાય માગવો જોઈતો હતો.

વધુમાં આ મુદ્દામાલ વાળી બંદુક પણ હાલના આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી પાસેથી કબજે કરવામાં આવેલ નથી પરંતુ તે બંદુક સુભાષ મેવાસા શાહ પાસેથી કબજે કરવામાં આવેલ છે કે જેઓની સામે હાલનો કેસ ચાલતો નથી અને તેમનું ચાર્જશીટ અલગ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

આમ ઉપરની હકીકત બાબતે પણ આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરીને શંકાનો લાભ મળવા પાત્ર છે.

આમ ઉપરની હકીકતે આરોપી નં.૩ સામે ઈ.પી.કો.ક. ૩૦૨,૩૦૭,૩૨૫,૧૧૪ તે આરોપના સંદર્ભમાં આ આરોપીને ઈ.પી.કો.ક. ૧૦૦ હેઠળ સ્વબચાવનો તથા શંકાનો લાભ મળવા પાત્ર છે. તથા બી.પી.એ.ક. ૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)એ મુજબના

ગુનાનો જે આરોપ છે તે સંદર્ભમાં આ બંદુક પણ આરોપી નં.૩ કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી પાસેથી કબજે કરવામાં આવેલ નથી અને તે અગાઉ જણાવ્યું તે મુજબ આરોપી સુભાષ મેવાસા શાહ કે જે આ ગુનાના કામે અન્ય આરોપી હતા તેમની પાસેથી કબજે કરવામાં આવેલ છે ત્યારે હાલના આરોપી સામે બી.પી.એ.ક. ૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)એ, મુજબનો ગુનો પણ પુરવાર થતો નથી.સબબ મુદ્દા નં.૧ થી ૪ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૫ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરુ છું.

## // હુ ક મ //

(૧) આ કામના આરોપી નં.(૧) મીરખાન હુસેન મોલે સ્લામ

રહે. ચંડીસર, નવાપુરા, તા. ડીસા, જી. બનાસકાંઠા

નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૩૫(૧) અન્વયે તેમની સામેના ઈ.પી.કો. કલમ–૩૦૨,૩૦૭,૩૨૫,૧૧૪ તથા બી.પી.એ.ક.૧૩૫ તથા આર્મ્સએકટની કલમ–૨૫(૧)એ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

જયારે આરોપી નં.૩ કુલાભાઈ ઉર્ફે કુલજીભાઈ નરસંગભાઈ ચૌધરી

રહે.પ્રતાપગઢ,તા. સિધ્ધપુર, જી. મહેસાણા

નાઓને ક્રિ.પ્રો.કો.ક. ૨૩૫(૧) અન્વયે તેમની સામેના ઈ.પી.કો.કલમ–૩૦૨, ૩૦૭, ૩૨૫,૧૧૪ મુજબના ગુનામાંથી આઈ.પી.સી.ક. ૧૦૦ હેઠળ સ્વબચાવનો તથા શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તથા બી.પી.એ.ક.૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ–૨૫(૧)એ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કેસના કામે અન્ય આરોપી નં.૨ સુભાષ મેવાસા શાહ તથા આરોપી નં.૪ રાજેશકુમારસીંગ પારસનાથસીંગ રાજપુત નાઓ સામેનો કેસ ચાર્જશીટ અલગ કરવાનો હુકમ કરેલ હોય મુદ્દામાલ અંગે હાલના તબકકે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) દરેક આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ– ૪૩૭(એ)(એમેન્ડમેન્ટ એકટ,૨૦૦૮) અન્વયે જો અપીલ થાય તો અપીલ કોર્ટમા હાજર થવા માટેના રૂા.૧૦,૦૦૦/–(અંકે રુપિયા દસ હજાર)ના જામીન તથા જાતમુચરકો રજુ કરવો.

હુકમ આજ તારીખ ૬ માહે સપ્ટેમ્બર સને ૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૬ /૯ /૨૦૧૮
સ્થળ : ડીસા

**(દિનેશકુમાર બાબુલાલ બારોટ)**
બીજા એડીશનલ સેશન્સ જજ,
ડીસા, જિ.બનાસકાંઠા.
(કોડ નં. જી.જે.૦૦૩૩૬)